dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 13 | AD - 2024, Aaso Sud -10 | Sunday, Dt.13-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




# હિન્દુઓએ સંગઠિત અને મજબૂત બનવુ પડશે : મોહન ભાગવત

નાગપુર,તા.૧૨

નાગપુરમાં દશેરા રેલીના અવસર પર સંઘ પ્રમુખ મોહન ભાગવતે બાંગ્લાદેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ત્યાં લઘુમતીઓ પર અત્યાચારની પરંપરાનું પુનરાવર્તન થઈ રહ્યું છે. આની પાછળ કટ્ટરપંથી વિચાર છે. તેમણે કહ્યું કે જો કોઈ હિંદુ નબળો હોય તો તે અત્યાચારને આમંત્રણ આપે છે. આવી સ્થિતિમાં હિન્દુઓએ સંગઠિત અને મજબૂત બનવું પડશે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં એવી ચર્ચા ચાલી રહી છે કે પાકિસ્તાનને ભારત વિરુદ્ધ સાથે લઈ જવું જોઈએ કારણ કે તેની પાસે પરમાણુ હથિયાર છે. તમને જણાવી દઈએ કે આ વખતે ઈસરોના પૂર્વ વડા કે રાધાકૃષ્ણન દશેરાના અવસર પર શસ્ત્ર પૂજાના આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

સંઘ પ્રમુખે કહ્યું, 'આપણે ભવિષ્ય માટે તૈયારી કરવી પડશે. માણસનું ભૌતિક જીવન પહેલા કરતાં ઘણું સુખી છે. પણ સ્વાર્થને લીધે યુદ્ધો કેમ થાય છે? ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે કેવું મોટું સંકટ ઊભું થશે, આપણો દેશ આગળ વધી રહ્યો છે. દેશ ટેક્નોલોજી અને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે. ભારત આવા તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યું છે. સમાજમાં શાણપણ પણ ધીમે ધીમે વધી રહ્યું છે. પરિણામે, આપણે જોઈએ છીએ કે જમ્મુ-કાશ્મીરમાં પણ શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાઈ હતી. પરિણામે સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધ્યો છે. અમારા મંતવ્યો દરેકને સ્વીકાર્ય છે. અમારી પ્રોડક્ટ સમગ્ર વિશ્વમાં ફેશનેબલ બની રહી છે. દુનિયા પણ તેના પરિણામો સ્વીકારી રહી છે. પર્યાવરણ વિશેની આપણી દ્રષ્ટિ સમગ્ર વિશ્વમાં સ્વીકૃત છે. ભારતની પ્રતિષ્ઠા વધી છે. દેશ અનેક બાબતોમાં આગળ વધી રહ્યો છે. દેશના યુવાનો, સરકાર, વહીવટીતંત્ર, ખેડૂતો અને સૈનિકો દ્વારા દેશને આગળ લઈ જવાના પ્રયાસો થઈ રહ્યા છે.

"આપણા દેશના ભવિષ્ય માટે ઘણા સારા સંકેતો છે," તેમણે કહ્યું. ભારતીય સમાજમાં આ બદલાવ આવ્યો છે. દેશ પ્રગતિ કરશે પણ જીવન માર્ગ ક્યારેય બેફિકર નથી. તેથી કેટલાક પડકારો પણ આગળ છે. વિજયાદશમીના ભાષણમાં બંને બાબતોની ચર્ચા કરવામાં આવી છે. દેશે દિશામાં વળાંક લીધો છે અને દેશ આગળ વધશે. એક પડકાર મનમાં આવે છે જેને આપણે બધાએ ધ્યાનમાં લેવો જોઈએ. કારણ કે આપણી સામે એ એકમાત્ર પડકાર નથી. માત્ર ભારત વર્ષ સામે નથી. આખી દુનિયામાં આ જ પડકાર છે. તે ખૂબ જ પ્રપંચી સ્વરૂપ ધારણ કરીને આગળ વધે છે. મને તેની ચર્ચા કરવી જરૂરી લાગે છે. ભારત પ્રગતિ કરી રહ્યું છે પરંતુ એવી શક્તિઓ છે જે ભારતને પ્રગતિ કરતા અટકાવે છે. અપેક્ષા એ છે કે તેઓ વિવિધ ચાલ કરશે. આવું પણ થઈ રહ્યું છે. છેવટે, ભારત સિવાય, બાકીના વિશ્વે હજુ પણ પોતાનો સ્વાર્થ છોડીને વિશ્વને વિશાળ બનાવવાનો માર્ગ અપનાવ્યો નથી. અમે દરેકને મદદ કરીએ છીએ. અમારી સાથે દુશ્મનાવટ ધરાવતા લોકોને પણ અમે મદદ કરી છે. શાંતિ માટે પોતાના હિતોનું પણ બલિદાન આપ્યું છે.



ભાગવતે કહ્યું, 'ઘણા દેશોને લાગે છે કે ભારત પ્રગતિ કરી રહ્યું છે. તેઓ તોફાન પણ કરવા જઈ રહ્યા છે. બીજા દેશોમાં વિવિધ પ્રકારની મુસીબતો ઊભી કરવી, આ બધું જગતમાં ચાલે છે. આ દુનિયાની રીત બની ગઈ છે. આપણા પાડોશમાં, બાંગ્લાદેશમાં શું થયું. તેના કેટલાક તાત્કાલિક પાસાઓ છે. પણ આટલી મોટી દુર્ઘટના માત્ર એમ જ નથી થતી. વિષયમાં રસ ધરાવતા લોકોએ તેની ચર્ચા કરવી જોઈએ. પરંતુ હિંસાને કારણે હિન્દુ સમાજ પર અત્યાચારની પરંપરાનું પુનરાવર્તન થયું. પ્રથમ વખત, હિંદુઓ સંગઠિત રીતે આગળ આવ્યા અને તેથી થોડું રક્ષણ પ્રાપ્ત થયું. ક્યાંક કંઈક ખોટું થાય તો જ્યાં સુધી નબળાઓ પર પોતાનો ગુસ્સો કાઢવાનો કટ્ટરવાદી વિચાર જીવંત છે ત્યાં સુધી લઘુમતીઓ પર તલવાર લટકતી રહેશે. વિશ્વભરના હિન્દુઓને ભારત સરકાર તરફથી મદદ મળવી જોઈએ. હિંદુ સમાજે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે નબળા અને અસંગઠિત હોવું એ ગુનો છે. જો આપણે નબળા હોઈએ તો આપણે જુલમને આમંત્રણ આપીએ છીએ. આવી સ્થિતિમાં આપણે જ્યાં પણ હોઈએ ત્યાં આયોજન કરવું જરૂરી છે.

ભાગવતે કહ્યું, અમે જોઈ શકીએ છીએ કે સમગ્ર ભારતમાં શું થઈ રહ્યું છે, ખાસ કરીને સરહદી પ્રાંતોમાં. આપણે સમયસર જાગવું પડશે. આપણા રાષ્ટ્રીય વર્તનને નૈતિક વિચારો અને આધ્યાત્મિક સત્યનો મજબૂત પાયો મળ્યો છે. આ વર્તનને ખતમ કરવાના પ્રયાસો બંધ કરવા પડશે. સમાજે આ માટે પ્રયત્નો કરવા પડશે. કાયદા અને બંધારણની મર્યાદામાં રહીને આપણે આનું આયોજન કરવું પડશે. આપણે જોઈ રહ્યા છીએ કે ભારતમાં વિચારો, શબ્દો અને કાર્યો પર વિપરીત અસર થઈ રહી છે. બાળકોના હાથમાં મોબાઈલ પણ હોય છે. તેઓ શું જોઈ રહ્યા છે તેના પર કોઈ નિયંત્રણ નથી. આવી સ્થિતિમાં, પરિવારોમાં નિયંત્રણ સ્થાપિત કરવું અને પોતાની વ્યવસ્થા કરવી જરૂરી છે. વિવેકના અભાવે નવી પેઢી દવાઓની ખરાબ અસરથી પોકળ બની રહી છે. ઘણી જગ્યાએ ડ્રગ્સ ન લેતા લોકોને પછાત ગણવામાં આવે છે. આપણા દેશની પરંપરા શું છે? એકે દ્રૌપદીના વસ્ત્રોને સ્પર્શ કર્યો અને મહાભારત થયું. સીતાનું અપહરણ થયું ત્યારે રામાયણ.

## હિન્દુ નબળો હોય તો તે અત્યાચારને આમંત્રણ આપે છે

સરહદી વિસ્તારો બિનઆરોગ્યપ્રદ છે. આ મૂળભૂત કારણો છે. આવી સ્થિતિ આ રાજ્યોમાં છે. કટ્ટરવાદ અહીં ફૂલીફાલી રહ્યો છે. આટલા મોટા સમાજમાં અસંતોષના ઘણા કારણો હોઈ શકે છે. પરંતુ અસંતોષ વ્યક્ત કરવાની પદ્ધતિઓનો પણ બંધારણમાં ઉલ્લેખ છે. ચૂપ રહેવાનું કોઈ કહેતું નથી. પરંતુ ત્યાં નિયમો છે અને તેનું પાલન કરવું આવશ્યક છે. જો કાયદા અને બંધારણને બાજુ પર રાખીને અસંમતિ દર્શાવવામાં આવે તો તેને ગુંડાગીરી કહેવું વધુ સારું છે.




# મહિલા તબીબના રેપ-હત્યાના વિરોધમાં કોલકાત્તાના ૩૮ ડોકટરોના રાજીનામા

કોલકાત્તા,૧૨

કોલકાતામાં તાલીમાર્થી ડૉક્ટરની બળાત્કાર-હત્યાના વિરોધમાં જૂનિયર ડૉક્ટરો ૬ ઑક્ટોબરથી ભૂખ હડતાળ પર છે. દરમિયાન, ધર્મતલામાં ભૂખ હડતાળ પર બેઠેલા જુનિયર ડોકટરોને ટેકો આપતાં આરામબાગ મેડિકલના ૩૮ ડોકટરોએ સામૂહિક રાજીનામાની ચેતવણી આપ્યા બાદ પોતાનું રાજીનામું સ્વસ્થ ભવનમાં મોકલી આપ્યું છે. ઉત્તર બંગાળ મેડિકલ કોલેજમાં જુનિયર ડોકટરોની ભૂખ હડતાળમાં વધુ બે નવા ડોકટરો જોડાયા છે. તેમાંથી એકે શુક્રવારે રાત્રે આરોપ લગાવ્યો હતો કે પોલીસ તેના પરિવાર પર દબાણ કરીને હડતાળ ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ તેઓ આ દબાણમાં આવશે નહીં. WBના મુખ્ય સચિવે ભૂખ હડતાળ પાછી ખેંચવાની વિનંતી કરતો સ્ટેટસ રિપોર્ટ ઈમેલ કર્યો હતો.

















સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
રવિવાર, તા.૧૩-૧૦-૨૦૨૪

## ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયત્નોથી દામનગર નગરપાલિકાનો રૂ. ૧.૩૪ કરોડનો પ્રોજેક્ટ મંજૂર

દામનગર, તા.૧૨

લાઠી બાબરા અને દામનગર વિસ્તારના વિકાસ માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી રાજ્ય સરકારે દામનગર નગરપાલિકા માટે સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત રૂ. ૧.૩૪ કરોડનો મહત્વપૂર્ણ પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. આ



પ્રોજેક્ટ હેઠળ, દામનગરના ઠાંસા રોડ પર આવેલી ડમ્પિંગ સાઈટ ખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ અને ડમ્પસાઈટ ડેવલપમેન્ટનું કામ હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દામનગર નગરપાલિકાના પદાધિકારીઓ, સ્થાનિક ભાજપના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરાના હડાળા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્ય જે.વી.કાકડીયાના હસ્તે લોકાર્પણ

બગસરા,તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના લોકોને પણ આરોગ્યની સારી સુખાકારી સેવાઓ મળી રહે તેવા હેતુથી વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે બગસરા તાલુકાના હડાળા ગામે સરકાર દ્વારા અદ્યતન પેટા આરોગ્ય કેન્દ્રનું નવુ બિલ્ડીંગ તૈયાર થતા ધારાસભ્યના વરદ હસ્તે



લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન, હડાળા ગામના સરપંચ તેમજ આરોગ્ય સ્ટાફ સહિત ગામ લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગામના સરપંચ દ્વારા આવેલ મહાનુભાવોનું શબ્દથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ પેટા આરોગ્ય કેન્દ્રને રિબિન કાપી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.આ આરોગ્ય કેન્દ્રનો લાભ લેવા સરકારની વિવિધ આરોગ્ય લક્ષી યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

## વડિયામાં મુસ્લિમ યુવકે નવરાત્રિમાં અનોખી રીતે જન્મ દિન ઉજવ્યો

વડિયા, તા.૧૨

વડિયા ગ્રામ પંચાયતના સદસ્ય અને જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ જુનેદ ડોડીયાનો જન્મ દિવસ નવરાત્રિમાં આવતો હોવાથી તેમણે અનોખી રીતે તેની ઉજવણી કરી હતી. તેમણે મિત્રો સાથે ગામના ગાંધી ચોક ગરબી મંડળની બાળાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું હતું. આ ગરબીમાં મુસ્લિમ બાળાઓ પણ ઘૂમતી હતી ત્યારે ગામમાં કોમી એકતાના દશ્યો જોવા મળ્યા હતા.



આ કિટ વિતરણમાં બ્રહ્મસમાજના ઉપપ્રમુખ રજની તેરૈયા, મુસ્લિમ સમાજના પ્રમુખ અકીલ પઠાણ, વિશાલ જોશી, દેવકુ મોડા, હર્ષ તેરૈયા, ગાંધી ચોક યુવક મંડળ અને ગરબી મંડળ હાજર રહ્યા હતા.

## એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં "નવરાત્રી મહોત્સવ"ની ધામધૂમથી ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૧૨

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં "નવરાત્રી મહોત્સવ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ પરિવારે સાથે મળીને રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં વેલડ્રેસ, વેલ પર્ફોર્મન્સ, પ્રાદેશિક



તસવીર : સૌરભ દોશી

વેશભૂષા અને આરતીની થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. શાળાની ૮૦૦ વિદ્યાર્થિનીઓને આ પ્રસંગે અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. ઈનામો અને નાસ્તાની વ્યવસ્થા સમગ્ર સ્ટાફ પરિવાર અને પ્રિન્સિપાલ તરફથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ઉષાબેન તેરૈયા અને સમગ્ર સ્ટાફ પરિવારે કાર્યક્રમની સફળ આયોજન કર્યું હતું. કમિટીના સભ્યો ધૃતિબેન મહેતા, સંગીતાબેન પરમાર, કિરીટભાઈ હિંગુ અને ભરતભાઈ ગામીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## અમરેલી જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં જે.વી. મોદી હાઈસ્કૂલ પ્રથમ સ્થાને

અમરેલી, તા.૧૨



**NCERT**, નવી દિલ્હી અને સમગ્ર શિક્ષણ કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત અમરેલી જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં જે.વી. મોદી હાઈસ્કૂલે સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધા ૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ યોજાઈ હતી. સાવરકુંડલાના સંગીત વૃંદના વિદ્યાર્થીઓએ પણ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ વિજેતા ટીમ હવે ૨૫ અને ૨૬ ઓક્ટોબરે યોજાનાર પ્રદેશ કક્ષાના કલા મહોત્સવમાં ભાગ લેશે.

## સાવરકુંડલા ખાતે ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્રપૂજન કરાયું

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા ઉતાવળા હનુમાન મંદિર ખાતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતુ. ગરાસિયા ક્ષત્રિય સમાજના તમામ વડીલો અને યુવાનો દ્વારા



તસવીર : સૌરભ દોશી

આ વિજયાદશમીના પવિત્ર પર્વ નિમિત્તે માં ભગવતીની આરાધનાના ભાગરૂપે દર વર્ષની જેમ આ આ વર્ષે પણ ખૂબ જ ઉત્સાહ સાથે શક્તિ પૂજન કરવામાં આવ્યું હતુ.

## મોટા આંકડીયા ગામ પાસે ગોંડલાના સુલતાનપુરના યુવકે ઝેરી દવા પીધી

અમરેલી, તા.૧૨

ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામે રહેતા પરશોત્તમભાઈ બચુભાઈ વઘાસીયા (ઉ.વ.૬૧) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર વિજયભાઈ પરશોત્તમભાઈ વઘાસીયા (ઉ.વ.૩૮)ને સાત વર્ષથી માનસિક તથા હૃદય રોગની બીમારી હતી. બે દિવસ પહેલા તે અમરેલી ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે મોટા આંકડીયા ગામે નદીના કાંઠે ઝેરી દવા પી લીધી હતી. જેના કારણે તેનું મોત થયું હતું.

## વડિયામાં ગાયત્રી ગરબી મંડળ બન્યું કોમી એકતાનું પ્રતીક

વડિયા, તા.૧૨

અમરેલી જિલ્લાના વડિયા શહેરમાં નવરાત્રિની ઉજવણી દરમિયાન કોમી એકતાનું અનોખું ઉદાહરણ જોવા મળી રહ્યું છે. શહેરના ગાયત્રી ચોકમાં આવેલું ગાયત્રી ગરબી મંડળ હિન્દુ અને મુસ્લિમ બાળાઓને એક મંચ પર લાવીને માની આરાધના કરાવી રહ્યું છે. વડિયામાં હજુ પણ ૧૦થી વધુ શેરી ગરબાઓ



દ્વારા પરંપરાગત રીતે નવરાત્રિની ઉજવણી થઈ રહી છે. ગાયત્રી ચોક ગરબી મંડળમાં હિન્દુ અને મુસ્લિમ બાળાઓ સાથે મળીને ગરબે ઘૂમે છે. દાતાઓની મદદથી મંડળ રોજ ગરબે ઘૂમતી બાળાઓ સહિત તમામ લોકોને નાસ્તો કરાવે છે.

## શૈક્ષિક મહાસંઘના અમરેલી જિલ્લા માધ્યમિક વિભાગના કારોબારી હોદ્દેદારોની વરણી

અમરેલી, તા.૧૨

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-અમરેલી જિલ્લાની માધ્યમિક વિભાગની કારોબારી કમિટીના હોદ્દેદારોની જિલ્લા અધ્યક્ષ ભરત મકવાણાએ વરણી કરી છે. આ કમિટીમાં મહામંત્રી-યોગેશભાઈ પરમાર, સંગઠન મંત્રી-હરેશભાઈ પુરોહિત, વરિષ્ઠ ઉપાધ્યક્ષ-આપાભાઈ માંજરીયા, ઉપાધ્યક્ષ-ગૌતમભાઈ ધાખડા, અશ્વિનભાઈ દેવમુરારી, કિશોરભાઈ વરુ, મહિલા ઉપાધ્યક્ષ-વંદનાબેન પરમાર, મંત્રી-માનસિંહ વાળા, ભરતભાઈ ગેડિયા, કેશુભાઈ ગોહિલ, મહિલા મંત્રી-પ્રકૃતિબેન ધડુક, કોષાધ્યક્ષ-મુકેશભાઈ કોલડીયા અને કાર્યાલય મંત્રી તરીકે દિપકભાઈ ઈલાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ વરણીને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલીના આચાર્ય સંવર્ગના અધ્યક્ષ રામભાઈ કેશવાલા, ઉચ્ચતર માધ્યમિક વિભાગના અધ્યક્ષ મનીષભાઈ સિદ્ધપરા, જિલ્લા પ્રાથમિક વિભાગના અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, તેમજ મહાસંઘના હોદ્દેદારો મનીષભાઈ અગ્રાવત, ચિરાગભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ કાવઠીયા વગેરે આગેવાનોએ આવકારી છે.















# અમદાવાદમાં પ્રાકૃતિક ખેડૂત હાટનું આયોજન કરવા રજૂઆત કરાઈ

## ધારાસભ્ય કૌશિક વેકરીયાએ કૃષિમંત્રીને પત્ર પાઠવ્યો



અમરેલી,તા.૧૨

ગુજરાતમાં મોટાભાગના લોકો ખેતી સાથે જોડાયેલા છે ત્યારે રાજયપાલ આચાર્ય દેવવ્રત પણ પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો વળે તે માટે સતત પ્રયાસો કરી રહ્યાં છે. જેના કારણે રાજયના હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા હજારો ખેડૂતોને બજાર મળી રહે તે હેતુથી અમદાવાદ ખાતે રિવરફ્રન્ટ ખાતે ડીસેમ્બરમાં યોજાનાર પ્રાકૃતિક એકસપોમાં ખેડૂત હાટનું આયોજન કરવામાં આવે તો ખેડૂતોને ખેતપેદાશનુ વેચાણ કરવામાં સરળતા રહે અને રાજયની જનતાને ઝેરમુકત અને રસાયણમુકત ખોરાક મળી રહે તેમ છે આવી વ્યવસ્થા અમરેલીમાં છેલ્લાં પાંચ વર્ષથી ચાલતી હોવાથી ખેડૂતોને ખુબજ ફાયદો થઈ રહ્યો છે જેથી અમદાવાદ ખાતે ખેડૂત હાટનુ આયોજન કરવામાં આવે તો રાજયના લોકોને લાભ મળી શકે તેમ છે તેવો વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવ્યો છે.

# જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ દ્વારા વિકાસ પદયાત્રાને લીલીઝંડી

અમરેલી,તા.૧૨

અમરેલી સ્થિત રાજમહેલથી રાજકમલ ચોક, ટાવર ચોક, સેન્ટર પોઈન્ટ સુધી વિકાસ પદયાત્રા-૨૦૨૪ને લીલી ઝંડી આપીને અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર દિલીપસિંહ ગોહિલ દ્વારા વિકાસ પદયાત્રાને



પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ. વિકાસ પદયાત્રા-૨૦૨૪ના સમાપન બાદ 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરુપે અમરેલી સેન્ટર પોઈન્ટ ખાતે દેશભક્તિનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. હામાપુર એલ.કે.બાબરિયા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ગુજરાતની ગૌરવગાથાને વર્ણવતી સાંસ્કૃતિક કૃતિની પ્રસ્તુતિ કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અમરેલી માણેકપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પરંપરાગત પહેરવેશમાં લોકનૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# સાવરકુંડલાની દોશી ગર્લ્સ હાઈસ્કૂલનો કલા ઉત્સવમાં દબદબો

સાવરકુંડલા, તા. ૧૨



સાવરકુંડલા શ્રી નૂતન કેળવણી મંડળ ખાતે શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની બહેનોએ જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં અંધશાળા-અમરેલી મુકામે ભાગ લીધો હતો. જેમાં વાદ્ય સંગીત સ્પર્ધામાં પંડયા શ્રેયાબેન ધર્મેશભાઈ દ્વિતિય નંબર, નૃત્યમાં- નિમાવત નિરાલીબેન યોગેશભાઈ પ્રથમ નંબર, થિયેટર/ ડ્રામા સ્પર્ધામાં - જોષી પ્રિયાંશીબેન હર્ષદભાઈ દ્વિતિય નંબર, પરંપરાગત વાર્તા વાંચન- પરડવા ખુશીબેન મોહનભાઈએ તૃતિય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

# બગસરામાં પરફેક્ટ રિસોર્ટ દ્વારા બાળાઓને ભોજન પ્રસાદ કરાવાયો

બગસરા,તા.૧૨

બગસરાના નવનિર્માણ થઈ રહેલ અમરેલી બાયપાસ પર આવેલ પરફેક્ટ રિસોર્ટ દ્વારા આઠમા નોરતે બગસરા શહેરની તમામ ગરબીમાં રાસ રમતી બાળાઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજકો દ્વારા ૧૫૦૦ થી વધુ બાળાઓ માટે ભોજન પ્રસાદ



તસ્વીર : હાર્દિક બામટા

સાથે આઈસ્ક્રીમ તેમજ કટલેરી વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરની ગરબીઓ જેવી કે આદેશ રાસ મંડળ, આશાપુરા રાસ મંડળ, ગીગેવ રાસ મંડળ, ખોડીયાર રાસ મંડળ, વર્ધમાન રાસ મંડળ, મુરલીધર રાસ મંડળ સહિતની તમામ નાની મોટી ગરબીઓની બાળાઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. તેમજ મોટી સંખ્યામાં પ્રસાદ માટે ઉપસ્થિત રહી હતી. પરફેક્ટ રિસોર્ટ દ્વારા બાળાઓને ત્યાં સુધી દીકરીઓને લાવનાર તમામ લોકોનો તથા મોટી સંખ્યામાં સેવા આપનાર સ્વયંસેવકોનો આભાર માનવામાં આવ્યો હતો.

# સલડી ગામનો કેદી યુવક પેરોલ પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયો

## કેદી જી સુરતની લાજપોર જેલમાં સજા કાપતો હતો

લીલીયા, તા.૧૨

લીલીયાના સલડી ગામે રહેતો પંકજ ઉર્ફે હાજો વિનુભાઈ સાથળીયા સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં સજા કાપતો હતો. જેને ૧૬-૦૮-૨૦૨૪ના રજ ૧૫ દિવસના પેરોલ મળ્યા હતા. તેના પેરોલ પૂરા થતાં લાજપોર જેલ ખાતે હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિપકભાઈ રવજીભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

# સાવરકુંડલાની વી.ડી.ઘેલાણી કોલેજમાં ક્વિઝ સ્પર્ધાનું આયોજન

**નામ બદલાવેલ છે**
હું આથી જાહેર કરનાર,
કાકડિયા જગદીશભાઈ ગોવિંદભાઈ
મારુ જુનું નામ **કાકડિયા જગદીશ ગોવિંદભાઈ,**
થી બદલીને **કાકડિયા જગદીશભાઈ ગોવિંદભાઈ**
કરવામાં આવ્યું છે.
તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

સાવરકુંડલા, તા.૧૨

શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજ સાવરકુંડલામાં વિકાસ સપ્તાહ અનવ્યે તા.૦૯/૧૦ના રોજ ક્વિઝનું આયોજન થયું જેમાં ૨૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો, જેમાં પ્રથમ ક્રમે કસોટીયા વૈશાલી, ચુડાસમા આરતી, બારૈયા આરાધનાના બીજા



ક્રમે જાદવ ફિઝુ અને ત્રીજા ક્રમે અગ્રાવત નીપા અને ચાંદુ કીરણ રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રા.છાયાબેન શાહે કર્યું હતું.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





## અવસાન નોંધ

**ડોળાસા**

સ્વ.સુરેશકુમાર ગોવિંદભાઈ પૂજારા (ઉ.વ.૬૫)નું તા.૧૨/૧૦/૨૪નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે નિલેશભાઈ, નિરંજનભાઈ, અશ્વિનભાઈ, કેતનભાઈ અને પ્રફુલભાઈના મોટાભાઈ થાય છે. સ્વર્ગસ્થની પ્રાર્થનાસભા તા. ૧૪/૧૦/૨૪ને સવારે-સાંજ ૪થી ૬ રામજી મંદિર સીમાસી ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ.નવનીતભાઈ નાનજીભાઈ ખખ્ખર (ઉ.વ.૭૦)નું તા.૧૧ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.ત્રિભોવનભાઈ, સ્વ.ધનજીભાઈ, સ્વ.મુળજીભાઈ, મનહરભાઈ, કિશોરભાઈના ભાઈ તથા રાજેન્દ્રભાઈ ત્રિભોવનભાઈ, દિપકભાઈ, ત્રિભોવનભાઈ, નરેન્દ્રભાઈ ધનજીભાઈ , સંજયભાઈ ધનજીભાઈ અને હાર્દિકભાઈ કિશોરભાઈના કાકા તથા રૂષિત, અક્ષિતના દાદા થાય છે.

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

### શાળામાં સાથે ભણતી છાત્રાએ યુવકને પોતાના ઘરે બોલાવતા બની ઘટના

# જાફરાબાદના મીઠાપુર ગામે યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

અમરેલી,તા.૧૨

જાફરાબાદના નાગેશ્રીની સ્કુલમા ધોરણ-૧૨મા છાત્ર છાત્રા સાથે ભણતા હોય છાત્રાએ સવારે ફોન કરી છાત્રને પોતાના ઘરે બોલાવ્યા બાદ માથાકુટ થતા છાત્રાના ભાઈએ યુવકને પેટમા છરીનો એક ઘા મારી હત્યા કરી નાખતા આ વિસ્તારમા ચકચાર મચી છે. પોતાની બહેનને પરેશાન કરતો હોવાથી તેણે આ યુવકની હત્યા કરી હોવાનુ પોલીસને જણાવ્યું હતુ. જો કે ઘટના પાછળ પ્રેમસંબંધની પોલીસે આશંકા વ્યકત કરી છે. જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે ગઈકાલે બપોરે બની હતી. જયાં નાગેશ્રીમા પહેલી પાટીમા બારૈયા શેરીમા રહેતા જયદીપ જીણાભાઈ પરમાર (ઉ.વ.૧૮) નામના યુવકની મીઠાપુરના અંકુશ ઉર્ફે હકો મનુભાઈ



બાંભણીયા નામના શખ્સે છરીનો ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. જયદીપ પરમાર અને અંકુશની બહેન બંને ધોરણ ૧૨માં જાફરાબાદની એસ.કે.વરૂ માધ્યમિક શાળામાં સાથે અભ્યાસ કરતા હતા. શુક્રવારે સવારે છાત્રાએ ફોન કરીને જયદીપને પોતાના ઘરે બોલાવ્યો હતો. આ સમયે છાત્રાની બે અન્ય બહેનો ઘરે હાજર હતી. જયારે તેનો ભાઈ અંકુશ વાડીએ ગયો હતો. છાત્રાની બહેનોએ ફોન કરીને ભાઈને ઘરે બોલાવ્યો હતો. આ યુવાન પોતાની બહેનને પરેશાન કરતો હોય અંકુશે તેની સાથે માથાકુટ કરી હતી. બંને વચ્ચે બોલાચાલી થતા અંકુશે પોતાની પાસે રહેલી છરીનો એક ઘા જયદીપના પેટમાં મારી દીધો હતો. જેથી તે લોહીલુહાણ થઈ ઢળી પડયો હતો. આ યુવકને સારવાર માટે પ્રથમ રાજુલા દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે મહુવા દવાખાને રીફર કરાયો હતો. જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ટ્રક ડ્રાઈવીંગનો વ્યવસાય કરતા જયદીપના પિતા જીણાભાઈ ભગવાનભાઈ પરમારે આ બારામા અંકુશ બાંભણીયા સામે નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બનાવને પગલે સ્થાનિક સરપંચ અને અન્ય આગેવાનો પણ હોસ્પિટલે દોડી ગયા હતા. પોલીસે યુવકની હત્યા મામલે અંકુશ બાંભણીયા સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા યુવકને ઝડપી લીધો હતો.

**પોલીસ છાત્ર-છાત્રાની કોલ ડિટેઈલ તપાસશે**

**હત્યારા યુવકે આ જયદીપ જીણાભાઈ પરમાર પોતાની બહેનને પરેશાન કરતો હોવાનુ અને ૧૫ દિવસ પહેલા પણ અણછાજતુ વર્તન કર્યુ હોવાનુ રટણ કર્યુ હતુ. છાત્ર છાત્રા વચ્ચે પ્રેમસંબંધની પણ આશંકા હોય બંનેની કોલ ડિટેઈલ મંગાવાઈ છે ત્યારબાદ ચિત્ર સ્પષ્ટ થશે.**

## રાજુલામાં ઢોલેશ્વર મહાદેવ મંદિરમાંથી પિત્તળની લોટી ચોરાઈ

રાજુલા, તા.૧૨

રાજુલામાં ડુંગર રોડ પર આવલી જૂની શીતળાઈ ધારે ઢોલેશ્વર મહાદેવના મંદિરમાંથી પિત્તળની લોટી ચોરાઈ હતી. બનાવ અંગે રાજુભાઈ રાહાભાઈ કવાડ (ઉ.વ.૪૦)એ ભેરાઈના લાલજીભાઈ ઉર્ફે લાલો કાળુભાઈ વાજા (ઉ.વ.૩૨) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુલા ડુંગર રોડ ઉપર આવેલ આઈ.ટી.આઈ. કોલેજના ગેઈટની સામે જૂની શીતળાઈ ધારે ઢોલેશ્વર મહાદેવના મંદિરે ખુલ્લામાં પતરાના શેડ નીચે આવેલા શિવલીંગ ઉપર લટકાડેલી એક પિત્તળની ગળથી અને પિત્તળની લોટી મળી કુલ કિ.રૂ.૧૩૯૫ના મુદ્દામાલની ચોરી કરી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર કે વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## એસ. એચ. ગજેરા સ્કૂલમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું કલેક્ટર દ્વારા સન્માન

અમરેલી, તા.૧૨

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સંચાલિત સ્કૂલના વિદ્યાર્થીઓનું એક વિશેષ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું. રમત-ગમત, સાંસ્કૃતિક અને સાહિત્યિક ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને જિલ્લા કલેક્ટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા દ્વારા "કોફી વિથ કલેક્ટર" કાર્યક્રમમાં



સન્માનિત કરવામાં આવ્યા. આ અવસર પર, વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી અંગે મૂલ્યવાન માર્ગદર્શન આપવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગરૂપે, બંને અધિકારીઓએ દીકરીઓના સર્વાંગી વિકાસ, સુરક્ષા અને શિક્ષણ પર ભાર મૂક્યો. તેમણે "બેટી બચાવો, બેટી પઢાઓ" અભિયાનને પ્રોત્સાહન આપ્યું અને આ દિશામાં થઈ રહેલા પ્રયાસોની સરાહના કરી. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ આ પ્રેરણાદાયી કાર્યક્રમના આયોજન બદલ જિલ્લા વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કર્યો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવી અને આશા વ્યક્ત કરી હતી.

## રાજુલાના રામપરા-૨ ગામે ગાળો બોલવાની ના પાડતાં ધમકી આપી

રાજુલા, તા.૧૨

રાજુલાના રામપરા-૨ ગામે ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ ગાળો બોલવાની ના પાડતાં તેને લોખંડનો પાઈપ મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાર્દુળભાઈ લાલાભાઈ વાઘ (ઉ.વ.૪૫) એ વાજસુરભાઈ ટપુભાઈ વાઘ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમના ઘર પાસે આવી ગાળો બોલતો હતો. જેથી તેમણે ના પાડી હતી. આ બાબતનું મનદુઃખ

**મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વર્ષાબેન છાત્રોડીયાએ વધુ તપાસ હાથ ધરી**

રાખી તેમને ગાળો આપી લોખંડના પાઈપનો ઘા મારી ફ્રેક્ચરની ઈજા કરી હતી. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વર્ષાબેન છાત્રોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન-સરસ્વતિ વિદ્યાલયમાં રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૧૨

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન-શ્રી સરસ્વતી વિદ્યાલયના આંગણે મા જગદંબાના આરાધના પર્વ નવરાત્રિને ખૂબ જ ભક્તિભાવથી ઉજવવામાં આવ્યુ. તા. ૮/ ૧૦ ના રોજ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ પાંચથી ૧૨ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી આ કાર્યક્રમમાં પરંપરાગત વેશભૂષામાં ભાગ લીધો હતો,



જેમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારને પ્રોત્સાહન ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. આવી સુંદર સ્પર્ધા યોજવા બદલ સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસીયાને તમામ સ્ટાફગણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## ખાંભા તાલુકાના નવી કાતર ગામે નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી



ખાંભા, તા.૧૨

અમરેલીના ખાંભા તાલુકાના નવી કાતર ગામે નવરાત્રીની આસ્થાભેર ઉજવણી થઈ હતી. ગામના ચોકમાં નાના બાળકો, પુરુષો, મહિલાઓએ પરંપરાગત રાસ-ગરબા સાથે માતાજીની આરાધના કરી હતી તેમ જીગ્નેશભાઈ ઘનશ્યામભાઈ ચોડવડિયાની યાદીમાં જણાવાયું છે.

## ડુંગર પોલીસ સ્ટેશનમાં અમરેલી જિલ્લા એસપી હિમકર સિંહે વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યુ

અમરેલી, તા.૧૨

રાજુલા તાલુકાના ડુંગર ગામે પોલીસ સ્ટેશનનું અમરેલી એસપી હિમકર સિંહ દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. ડુંગર પી એસ આઈ આર.એચ. રતન ગઢવી દ્વારા ફુલહાર ગુલદસ્તો અર્પણ કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા એસપીએ ડુંગર તેમજ ડુંગર બીટમાં આવતા ગામડાઓ વિશે પૂછપરછ





તસવીર : ગોપાલ રાઠોડ

કરી હતી અને વાર્ષિક ઈન્સ્પેક્શન દ્વારા આગામી સમયમાં દિવાળી, બેસતું વર્ષ તેમજ લાભપાંચમ જેવા મોટા તહેવારો આવી રહ્યા હોય તેને અનુલક્ષી માહિતી લીધી હતી. તેમ જ ડુંગર પોલીસ સ્ટાફ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવી નેમ વ્યક્ત કરી હતી.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૩૨૫ | ૧૫૨૫ |
| **ગોંડલ (ફળ)** | | |
| જામફળ | ૪૦૦ | ૧૦૦૦ |
| દાડમ | ૮૦૦ | ૨૦૦૦ |
| સફરજન | ૭૦૦ | ૧૫૦૦ |
| સીતાફળ | ૭૦૦ | ૧૩૦૦ |
| કેળા | ૪૦૦ | ૫૫૦ |
| સંતરા | ૪૦૦ | ૮૦૦ |
| તરબૂચ | ૫૦ | ૧૨૦ |
| કમલમ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| સેરોની | ૭૦૦ | ૧૭૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૭૦૦ |
| દ્રાક્ષ | ૬૦૦૦ | ૭૦૦૦ |
| આલુચા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૪૫ | ૧૦૮૦ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૧૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૨૪૦૫ |
| તલ કાળા | ૧૮૧૦ | ૩૭૦૧ |
| બાજરો | ૩૭૬ | ૪૧૬ |
| જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૩૭ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૬૨૦ |
| ચણા | ૯૦૦ | ૧૪૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૧૦ |
| કપાસ | ૮૬૦ | ૧૬૧૮ |
| એરંડા | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| સોયાબીન | ૬૩૨ | ૮૮૭ |
| મેથી | ૮૭૫ | ૧૦૭૫ |

| | | |
|---|---|---|
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૫૦ |
| રીંગણાં | ૧૦૦ | ૨૬૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૬૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| આમળા | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |

## જિલ્લામાં 'કોફી વીથ કલેકટર' કાર્યક્રમમાં સા.કુંડલા ગુરૂકુળની વિદ્યાર્થિનીએ ભાગ લીધો

સાવરકુંડલા, તા.૧૨

અમરેલી જિલ્લા માં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત કલેકટર અજય દહીયાની અધ્યક્ષતામાં "કૉફી વિથ કલેકટર'' કાર્યકમ યોજાયો હતો.જેમાં સમગ્ર જિલ્લાની રમત ગમત, શિક્ષણ, એન. સી.સી., કળા વગેરે ક્ષેત્રો માં ઝળહળતી સિધ્ધિઓ હાંસલ



કરેલ દીકરીઓ હાજર રહેલ અને તેઓએ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સાથે પણ સંવાદ કર્યો હતો. દીકરીઓને તેઓને સવાલો કરેલ જેના ખૂબ વિસ્તૃત જવાબો કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ આપેલ હતા. અધિકારીઓએ દિકરીઓને અને ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ. આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી. બેટી બચાવો બેટી પઢાવો નાં સંદેશ સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ. કોફી વીથ કલેકટર કાર્યક્રમમાં સ્વામિનારાયણ ગુરુકુળ ઈંગ્લીશ મીડીયમ રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રકક્ષાએ ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં જોડાઈ હતી.

## અમરેલીમાં નાઈટ પેન્ટના ખીસ્સામાંથી યુવકનો મોબાઈલ પડી ગયો

અમરેલી, તા.૧૨

અમરેલીમાં રહેતો એક યુવક પાનની દુકાને બેસવા ગયો ત્યારે તેના નાઈટ પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ પડી ગયો હતો. બનાવ અંગે ફિરોજભાઈ ગફારભાઈ કાજી (ઉ.વ.૪૩) એ જાહેર કર્યા મુજબ, બે દિવસ પહેલા તેઓ તેના ઘર પાસે આવેલી પાનની દુકાને બેસવા ગયા ત્યારે નાઈટ પેન્ટના ખિસ્સામાંથી ૧૪,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એનવી લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાંથી બે ઈસમો અંધારામાં લપાતા છુપાતા મળ્યા

રાજુલા, તા.૧૨

રાજુલામાંથી પોલીસને બે ઈસમો રાત્રીના સમયે રખડતાં ભટકતાં પોતાની હાજરી છુપાવવાની કોશિશ કરતાં મળી આવ્યા હતા. રાજુલા બસ સ્ટેશન પાસેથી સિરાજભાઈ ઉર્ફે સીકો બોદરભાઈ ખોખર તથા કોહીનુર હોટલ પાસેથી રાજુભાઈ ઉર્ફે રાજુગીરીબાપુ શામજીભાઈ ગોહીલ સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી રાત્રીના સમયે મિલકત સંબંધી ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતા, પોતાની હાજરી છુપાવવાની કોશિશ કરતાં મળી આવ્યા હતા.

## સાવરકુંડલામાં ગુણુબાપુની ૪૬મી પુણ્યતિથિ નિમિત્તે સેવાકાર્ય કરાયું

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલામાં માનવ સેવાના અનેક કાર્યો કરી રહેલી સંસ્થા- ગુણવંત નિમાવત સ્મારક ટ્રસ્ટ દ્વારા હવનાષ્ટમી અને ગુણુબાપુની ૪૬મી પુણ્યતિથિ નિમિત્તે ફૂલહાર શ્રદ્ધાંજલિ કાર્યક્રમ, હોસ્પિટલમાં દર્દીને ફ્રુટ વિતરણ, શહેરની ચારે દિશામાં વસતા જરૂરતમંદ પરિવારોના બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ હતું. વતનપ્રેમી દાતા ખેતાણી પરિવાર માતૃશ્રી



તસવીર : સૌરભ દોશી

વિમળાબેન ચંપકલાલ ખેતાણી તરફથી નાસ્તા વિતરણમાં સંપૂર્ણ અનુદાન મળ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ ભટ્ટ, કે. ડી. મહેતા, પ્રકાશ ગૌસ્વામી, રતિભાઈ સુરજીવાળા, હર્ષદભાઈ વળીયા, મૂકેશભાઈ જેઠવા, ધનજીભાઈ કાચા, મગનભાઈ ભડલીયા તથા મંત્રી નંદલાલભાઈ સાદિયાની રાહબરી હેઠળ વિતરણ કરી સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

## રાજુલામાં મામલતદાર કચેરી પાસેથી જુની બારપટોળી ગામના યુવકનું સ્પ્લેન્ડર ચોરાયું

રાજુલા, તા.૧૨

રાજુલા મામલતદાર કચેરીની સામેથી જુના બારપટોળી ગામના યુવકે બાઈક પાર્ક કર્યુ હતું. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મનુભાઈ ઓભાભાઈ કાતરીયા (ઉ.વ.૫૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુલા મામલતદાર કચેરી સામે આવી જય મુરલીધર એડવાઈઝર ઓફિસ પાસે પાર્કિંગમાં પાર્ક કરી હતી. ૩૫,૦૦૦ કિંમતની બાઈક અજાણ્યો ચોર ઈસમ ઉઠાંતરી કરીને લઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમપી ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઈસ જીત કી ગૂંજ દૂર-દૂર તક જાયેગી

વિચાર વલોણું

જયવંત પંડ્યા

મોદી સમાપ્ત થઈ ગયા છે, મોદી હવે નિવૃત્ત થઈ જશે, દિલ્લીવાળા કહે છે તેમને ગુજરાત પાછા બોલાવી લો. કેટકેટલી મજાક ૨૦૨૪ની ચૂંટણી પછી મોદીની કરવામાં આવી ! ઈવન, કેટલાક જમણેરી પણ લીલા ચશ્માધારી સેક્યુલરોના આ એજન્ડામાં આવી ગયા! વિચાર કરો કે દેશમાં નહેરુ પછી કોઈ બીજા એવા એ વ્યક્તિ બન્યા કે જે સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા. નહેરુ વખતે ચૂંટણી પંચની, સર્વોચ્ચ ન્યાયાલયની, મીડિયાની શું સ્થિતિ હતી તે બધા જાણે છે. કેટલી મહિલાઓ બહાર જતી હતી તે સમયે? મોદીની મજાકનું કારણ એ જ કે એમણે ૪૦૦ પારનું સૂત્ર આપ્યું હતું. અને ૪૦૦ બેઠકો ન આવી. પરંતુ ૨૯૧ બેઠકો તો આવી ને! ૨૦૦૪ની ચૂંટણી પહેલાં યુપીએ હતો જ નહીં. ભાજપને ૧૩૮ અને કૉંગ્રેસને ૧૪૫ બેઠકો મળી હતી. માત્ર સાત બેઠકોનો તફાવત હતો અને યુપીએ રચાયા પછી તેની કુલ બેઠકો હતી ૨૧૮! તોય તે વખતે બેધડક રીતે સોનિયાનો જયજયકાર મીડિયાએ કર્યો હતો. ૨૦૦૯માં યુપીએ-૨ને કેટલી બેઠકો મળી હતી? ૨૬૨ ! તોય ઊછળકૂદ રાહુલ ગાંધીના નામે જ દરબારી મીડિયાએ કરી હતી. તેની સામે આ વખતે ભાજપને ૨૪૦ અને એનડીએને ૨૯૩ બેઠકો મળી છે. તોય મોદી તો હારી ગયા ભાઈ, હારી ગયાનું ગાણું ગાયું.

અને પછી તો માંકડને મોઢું આવે તેમ સેક્યુલર પ્રજાતિ કૂદકા મારવા લાગી. જાતજાતની આગાહી કરવા લાગી. મોદી તો જુલાઈમાં જાય છે, ઑગસ્ટમાં જાય છે, મોદી ગઠબંધનની સાથે શાસન નહીં કરે તેવું તો ૨૦૧૪ની ચૂંટણી પહેલાં પણ કહેવાતું હતું. મોદીની હિન્દુત્વવાદી નીતિ સાથે ચંદ્રબાબુ નાયડુ નહીં આવે. પણ થયું એવું કે આંધ્રમાં અભિનેતા અને હવે ઉપ મુખ્ય પ્રધાન પવન કલ્યાણ તો 'સનાતન ધર્મ પ્રૉટેક્શન બૉર્ડ' બનાવવાની માગણી કરવા લાગ્યા! જે દક્ષિણમાં માત્ર ને માત્ર પ્રાદેશિકવાદ ચાલતો હતો ત્યાંથી આવી માગણી! આવામાં હરિયાણા અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણી આવી. નિર્ગમન સર્વે અને દરબારી મીડિયાએ ભવિષ્ય ભાખી દીધું કે ભાજપ હારે છે. કારણ પણ નક્કર તો હતું. હરિયાણામાં લોકસભા ચૂંટણીમાં ભાજપને અને કૉંગ્રેસને પાંચ-પાંચ બેઠકો મળી હતી. ૨૦૧૯માં ભાજપે બધી બેઠક જીતી હતી. ભાજપ સતત ત્રીજી વાર જનાદેશ માગી રહ્યો હતો. એટલે શાસન વિરોધી જુવાળ હોય. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૯૯ જ બેઠકો મળી હોવા છતાં આ લોકોની દૃષ્ટિએ રાહુલ ગાંધી હવે મોદીને ભારે પડી રહ્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં તો ભાજપનું જોર આમેય જમ્મુ પૂરતું જ છે. કાશ્મીર મુસ્લિમ બહુલ છે. ૧૯૯૦માં ષડયંત્રપૂર્વક કાશ્મીરી પંડિતોને ભગાવી દેવાયા, મરાયા, બળાત્કાર કરાયો, સંપત્તિ છિનવી લેવાઈ તે પછી તેમને મતદાનનો અધિકાર નહોતો રહ્યો કારણકે અનુચ્છેદ ૩૭૦ અનુમતિ ન આપે. વાલ્મીકિ સમાજ રહેતો હતો પરંતુ તેમને પણ મતદાનનો તો શું, તેમનાં સંતાનો ડૉક્ટર-એન્જિનિયરનું ભણ્યા હોય તો પણ તેમને સરકારી નોકરીનો અધિકાર નહોતો. કાશ્મીરના મુસ્લિમો ત્યાં ગમે તેટલા વિકાસનાં ફળ અત્યારે ચાખી રહ્યાં હોય, ત્રાસવાદથી મુક્તિ મેળવવાનો રાહતનો શ્વાસ લઈ રહ્યા હોય પરંતુ તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જે રીતે ભારતના મુસ્લિમોએ ભાજપને મત ન આપ્યો તો કાશ્મીરના મુસ્લિમો તો ક્યાંથી આપવાના? પરંતુ તેમણે જે બાબતોની ઉપેક્ષા કરી તે આ રહી: મોદી સદા પોતાની ભૂલોમાંથી શીખે છે.

ભાજપે સંઘ સાથે જે કંઈ મનદુઃખ હતું તે દૂર કર્યું. હરિયાણાની ચૂંટણી પૂર્વે સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું કે હિન્દુઓએ એક રહેવાની આવશ્યકતા છે. સંઘે બાજી સંભાળી લીધી અને દરેક જિલ્લામાં ૧૫૦ સ્વયંસેવકોને કામ સોંપ્યું. સ્વંયેસેવકોએ હરિયાણામાં કુલ ૧૬,૦૦૦ બેઠકો કરી. હિન્દુઓને એક રહેવાની આવશ્યકતા છે તેવો મોહન ભાગવતનો સંદેશો પહોંચાડ્યો.

યોગી આદિત્યનાથ સાથે પણ ભાજપ નેતૃત્વએ મડાગાંઠ દૂર કરી અને હરિયાણામાં પ્રચાર કરવાની પૂરી છૂટ આપી. તેમણે ૧૪ બેઠકો પર પ્રચાર કર્યો તેમાંથી નવ બેઠકો ભાજપે જીતી. યોગી આદિત્યનાથે ધૂંઆધાર પ્રચાર કર્યો. 'બટેંગે તો કટેંગે'માં બધું સમજાવી દીધું.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં હિન્દુઓ બધું બરાબર છે તેમ માની બેઠા છે. પરમ વૈભવ આવી ગયો છે. શ્રી રામલલ્લાનું મંદિર બની ગયું, અનુચ્છેદ ૩૭૦ દૂર થઈ ગઈ, ત્રિ-તલાક આવી ગયો હવે શું? આ બધું ચૂંટણીના બહુ પહેલાં થયું. શ્રી રામલલ્લાનું મંદિર ચૂંટણીના ત્રણ મહિના પહેલાં જાન્યુઆરી ૨૦૨૪માં પ્રાણપ્રતિષ્ઠા સાથે ખુલ્લું મૂકાયું, તેથી તેનો પ્રભાવ એપ્રિલ આવતાં-આવતાં ઓસરી ગયો. પૂ. શંકરાચાર્યોની ભૂમિકાના કારણે હિન્દુ વિભાજિત થઈ ગયો. તેમાં અમિત શાહનો અનામત વિરોધી સાવ ખોટો (એઆઈ) વીડિયો વહેતો થયો. લલ્લનસિંહ બફાટ કરી બેઠા કે ૪૦૦ પાર આવશે તો સંવિધાન બદલી નાખીશું. પરંતુ જુલાઈ-ઑગસ્ટમાં બાંગ્લાદેશમાં શૈખ હસીના સામે વિદ્યાર્થીઓના આંદોલનના નામે પછી હિન્દુઓ પર જે અત્યાચાર થયા અને તેમાં કૉંગ્રેસના રાહુલ ગાંધી અને ઈણ્ડિ ગઠબંધનના અન્ય નેતાઓ મૌન રહ્યા તેનાથી હિન્દુ ફરીથી જાગી ગયો.

આટલું ઓછું હોય તેમ અમેરિકામાં પહોંચેલા રાહુલ ગાંધીએ ભારતમાં શીખોને કડું અને પાઘડી નથી પહેરવા દેતા, ગુરુદ્વારા નથી જવા દેતા, તેમજ અમે અનામત દૂર કરીશું તેમ કહ્યું. વળી, જમ્મુ-કાશ્મીરમાં રાહુલ ગાંધીએ ફારુક અબ્દુલ્લાના પક્ષ એન.સી. સાથે ગઠબંધન કર્યું. ફારુક અબ્દુલ્લા દેશવિરોધી નિવેદનો કરવા માટે જાણીતા છે. તેમણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના મુદ્દે કહ્યું કે પાકિસ્તાને બંગડી નથી પહેરી. આ નિવેદનનો પ્રભાવ કાશ્મીરમાં સકારાત્મક થયો હશે પરંતુ હરિયાણામાં તો નકારાત્મક જ થાય. કારણકે ત્યાંથી મોટી સંખ્યામાં યુવાનો સેનામાં જાય છે.

અનુચ્છેદ ૩૭૦ હટ્યા પછી વાલ્મીકિ સમાજને મતદાનનો અધિકાર પહેલી વાર મળ્યો. શું આ સંદેશ સમગ્ર દેશના વાલ્મીકિ અને દલિતોમાં ન ગયો હોય?

ગુજરાત મૉડલ હરિયાણામાં પણ અપનાવાયું. શાસન વિરોધી જુવાળને નષ્ટ કરવાના એક ઉપાય તરીકે મનોહર ખટ્ટરને હટાવી નાયબસિંહ સૈનીને મુખ્ય પ્રધાન બનાવ્યા. નાયબસિંહ સૈની ઓબીસીમાં આવતી સૈની જાતિના છે. જે રીતે સત્તાનું સરળ હસ્તાંતરણ થયું અને




ખટ્ટરે મૂકસેવકની જેમ પદ છોડી દીધું (ગુજરાતમાં કેશુભાઈ, આનંદીબેન અને વિજય રૂપાણીની જેમ) તેનો સકારાત્મક પ્રભાવ ગયો કારણકે કૉંગ્રેસમાં જાટ નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડા અને દલિત નેત્રી કુમારી શૈલજા વચ્ચે ચૂંટણી પહેલાં જ મુખ્ય પ્રધાન કોણ બનશે તેનો વિવાદ શરૂ થઈ ગયો. કુમારી શૈલજા પ્રચારથી વેગળાં રહ્યાં. અધૂરામાં પૂરું, કુમારી શૈલજા સામે દાવ રમાતો હોય તેમ, કૉંગ્રેસમાંથી ભાજપમાં ચાલ્યા ગયેલા દલિત નેતા અશોક તન્વરને કૉંગ્રેસમાં પાછા લવાયા. આના કારણે વિખવાદ વકર્યો.

નરેન્દ્ર મોદી ચૂંટણીમાં જે શહેરમાં જાય છે ત્યાં જે ખોટ હોય તેને પૂરવાની વાત કરે છે. આ જોઈને રાહુલ ગાંધીએ હરિયાણામાં જલેબીની ફેક્ટરી નાખવાની વાત કરી અને તેની અમેરિકામાં નિકાસ કરવાની વાત કરી. આવાં હાસ્યાસ્પદ નિવેદનની પણ ગુજરાતી દરબારીઓને નોંધ ન લીધી. મોદીએ આવું કહ્યું હોત તો ગામ ગજવી મૂકાત.

તેમણે જનકલ્યાણનાં જે પગલાં લીધાં તેના તો દરબારી મીડિયામાં નોંધ જ ક્યાંથી લેવાઈ હોય? તેમણે વીજળી પર લઘુતમ ચાર્જ દૂર કરી યૂનિટના આધારે ભાવ લેવાનો નિર્ણય કર્યો. 'પ્રધાનમંત્રી સૂર્ય ઘર મુફ્ત બીજલી' યોજના તો સારી છે જ, પરંતુ તેની હેઠળ સૈનીએ સબસિડી ચાલુ કરી. એક તરફ, કૉંગ્રેસ અને આઆપ એમ ને એમ મફત વીજળી આપવાની વાત કરે અને બીજી તરફ, આ રીતે નિઃશુલ્ક વીજળી મળે તો કોણ શું પસંદ કરે?

ચૂંટણી દરમિયાન તો ખરું જ, પરંતુ તે પછી પણ રાહુલ ગાંધીએ 'અગ્નિવીર યોજના' અંગે જૂઠાણાં ચલાવ્યાં. ભાજપે તેનો ધ્વંસ તો કર્યો જ પરંતુ સૈનીએ અગ્નિવીર સેનામાં પોતાની સેવા પૂરી કરે પછી આજીવિકા અને વેપારધંધાના અવસરો પૂરા પાડવા માટેની યોજનાઓ ચાલુ કરી, જેમ કે પોલીસમાં અગ્નિવીરોને દસ ટકા અનામત મળશે. પાંચ ટકા અનામત ગ્રૂપ સીમાં અપાશે અને ધંધો-વ્યવસાય ચાલુ કરવા માટે રૂ. પાંચ લાખ સુધીની વ્યાજમુક્ત લૉન મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ડબલ એન્જિન' હોય કે ન હોય, ઝારખંડ (રાંચીમાં એઈમ્સ), તમિલનાડુ (ઈંધણને રિસાઈકલ કરવાના પ્લાન્ટ) માં વિકાસનાં મોટાં કામો કર્યાં હતાં તો પછી હરિયાણામાં તો 'ડબલ એન્જિન; અહીં તેમણે દ્વારકા ઍક્સપ્રેસ હાઈવેના હરિયાણા વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું, બીજાં પણ અનેક છે, પણ સ્થાનસંકોચના કારણે તેનો ઉલ્લેખ નથી કરવો. જે દરબારી મીડિયા તો સરકાર જાહેરખબર આપશે તો જ આપણે સમાચાર છાપીશું તેમ માનતું હોય તો આવા સમાચારોની નોંધ પણ તેમણે લોકોને ન અપાવવા દીધી હોય.

પરંતુ ભાજપના કાર્યકર્તાઓએ ઘનિષ્ઠ લોકસંપર્ક દ્વારા સઘન પ્રચાર કર્યો. આનું પરિણામ ભાજપના વિજયમાં આવ્યું.

હરિયાણામાં ભજનલાલ, દેવીલાલ અને બંસીલાલ પરિવારનો કિલ્લો પણ ધરાશાયી થયો. ૧૫ સભ્યોમાંથી માત્ર ચાર જ જીત્યા. આ ઉપરાંત, ખેડૂત આંદોલન કરનાર ગુરનામસિંહ ચઢૂની પણ હારી ગયા, એટલે કૉંગ્રેસનો એ દાવો પણ પોકળ સાબિત થયો કે ખેડૂતોમાં ભાજપ પ્રત્યે રોષ છે. કાશ્મીરમાં ગુરેજ બેઠક પર એન. સી.ના અભ્યર્થી નજીર અહમદ ખાનની સામે માત્ર ૧,૧૦૦ મતોથી ભાજપના અભ્યર્થી ફકીર મોહમ્મદ ખાનનો પરાજય થયો એ બતાવે છે કે કાશ્મીરમાં પણ ભાજપે પગપેસારો શરૂ કરી દીધો છે.

પરિણામોના દિવસે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા કૉંગ્રેસના કાર્યકર્તાઓનું જોશ વધારવા કૉંગ્રેસ કાર્યકર્તાઓની વચ્ચે જવાના બદલે વિદેશ ચાલ્યા ગયા હોવાનો ભાજપના નેતા જયવીર શેરગીલે દાવો કર્યો. જેનું ખંડન કૉંગ્રેસે કર્યું નથી. તે દિવસે શું નિવેદન આપવું તેની પણ બંને ભાઈબહેનને ગતાગમ ન પડી. આની સામે લોકસભા ચૂંટણીમાં ૪૦૦ના બદલે ૨૯૩ આવી તો મોઢું સંતાડવાના બદલે સાહસભેર મોદી ભાજપના મુખ્યાલયે ગયા અને કાર્યકર્તાઓને જોશ અપાવ્યું. એક વાઈરલ ફૉટા પ્રમાણે, ઈન્ડિયા ટીવી પર રાજદીપ સરદેસાઈ અને રાહુલ કંવલ પરિણામોની ચર્ચા કરતા હતા ત્યારે પહેલાં જ્યારે હજુ તો પૉસ્ટલ બેલેટની મતગણતરી શરૂ થઈ હતી (જે ઈવીએમ કરતાં સ્વાભાવિક ધીમી હોય) ત્યાં કૉંગ્રેસનો વિજય ભાખવા લાગ્યા હતા ત્યારે હરિયાણામાં કૉંગ્રેસના નેતા તરીકે રાહુલ ગાંધીની છબિ મૂકી હતી, પરંતુ જેવા ઉલટ પરિણામો આવવા લાગ્યાં એટલે તેમણે તેના બદલે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની છબિ મૂકી દીધી!

રાહુલ ગાંધી તો વિદેશ ચાલ્યા ગયા પણ મોદી ભાજપ મુખ્યાલયે રાબેતા મુજબ ગયા. તેમણે પોતાના પ્રવચનમાં મોઘમ રીતે બે ખૂબ ગંભીર વાતો કરી. દરબારી મીડિયાએ નરેન્દ્ર મોદીના ભાષણની જ અવગણના કરી હોય ત્યારે આ વાતો ક્યાંથી પહોંચવાની. આ વાતો એ છે કે, ૧. 'ઈસ વિજય કી ગૂંજ દૂર-દૂર તક જાયેગી'. ૨. ભારત વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય ષડયંત્રો ચાલી રહ્યા છે તેનો કૉંગ્રેસ હિસ્સો બની ગઈ છે. આપણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સમયે આ આંતરરાષ્ટ્રીય ષડયંત્રો જોઈ ગયા છીએ જેમાં જ્યૉર્જ સોરોસ, ગૂગલ, ફેસબુક, અમેરિકાનું બાઈડેન પ્રશાસન (ડૅમોક્રેટિક પક્ષ), અમેરિકાનાં પીઠુ એવા કેનેડા અને જર્મની વગેરે સહભાગી છે. હવે તો બાંગ્લાદેશના રખેવાળ સરકારના વડા અને ક્લિન્ટનના માનીતા મોહમ્મદ યુનૂસ અમેરિકામાં જઈને સ્વીકારી ચૂક્યા છે કે બાંગ્લાદેશમાં થયેલું વિદ્યાર્થીઓનું આંદોલન તાત્કાલિક નહોતું, પૂર્વ નિયોજિત હતું. તેમ ભારતમાં પણ મોદી સરકારને ઉથલાવવા અમેરિકાના રાજદ્વારીઓ વિપક્ષના નેતાઓને મળી રહ્યા હતા. અમેરિકાએ પન્નુનની હત્યાના પ્રયાસમાં રા. સુ. સ. અજિત દોભાલને સમન્સ પાઠવી અને મોદીના અમેરિકા પ્રવાસ પહેલાં ખાલિસ્તાની સમર્થકોને વ્હાઈટ હાઉસમાં આવવા દઈ, તેમને સુરક્ષાની ખાતરી આપી બહુ મોટી આડોડાઈ બાઈડેન સરકારે કરી હતી. કેનેડાના જસ્ટિન ટ્રુડો અને જર્મની પણ ખાલિસ્તાનીઓને છાવરે છે. વળી, કેજરીવાલને અમેરિકા અને જર્મનીએ આડકતરી રીતે ટેકો જાહેર કર્યો હતો કારણકે તેમની ધરપકડ સમયે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. એટલે જ કૉંગ્રેસે પી. ચિદમ્બરમ્ વખતે પણ જનસભા નહોતી કરી, પરંતુ બધા વિપક્ષો એક થઈને કેજરીવાલના સમર્થનમાં જનસભામાં આવ્યા હતા. જે કૉંગ્રેસ લોકસભા ચૂંટણી પહેલાં એમ કહેતી હતી કે અમારી પાસે ભંડોળ નથી અને નેતાઓ-કાર્યકર્તાઓ દાન આપે તેણે તાજેતરમાં ચૂંટણી પંચ સમક્ષ સ્વીકાર્યું કે તેણે લોકસભા અને રાજ્યોની ચૂંટણીમાં રૂ. ૫૮૬ કરોડનો ખર્ચ કર્યો. તો આ નાણાં આવ્યાં ક્યાંથી? રાહુલ ગાંધીના અમેરિકાના વારંવાર પ્રવાસોનું રહસ્ય શું છે? પરિણામોના દિવસે તેઓ વિદેશમાં ક્યાં ગયા હતા?

એટલે જ મોદીજીએ કહ્યું કે ઈસ જીત કી ગૂંજ દૂર-દૂર તક જાયેગી. આવાં આંતરરાષ્ટ્રીય ષડયંત્રોની વચ્ચે લોકસભા અને પછી હરિયાણામાં ઈતિહાસમાં પહેલી વાર સતત ત્રીજી વાર વિજય મેળવવો સરળ નથી. તેમાં હરિયાણામાં તો ગયા સમયે જનનાયક જનતા પક્ષનો ટેકો લેવો પડ્યો હતો. આ વખતે તો સ્પષ્ટ બહુમતી મળી છે. ■ jaywant.pandya@gmail.com

# શું ખાવાથી માણસ સુધરી જાય?

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) આપણો સમાજ સ્ત્રી પ્રધાન હોત તો?
કનુભાઈ લિંબાસિયા 'કનવર', (ચિત્તલ હાલ કેનેડા)
આપણે માથે પાણીની હેલ લઈને એકબીજાને સામા મળત!

(૨) દરેક વ્યક્તિને પારકા ભાણે લાડું મોટો કેમ લાગે છે?
યોગેશભાઈ આર જોશી (હાલોલ : જિ.પંચમહાલ)
અમારે આ બાજુ હવે પારકા ભાણે લાડુ નહિ સમોસા મોટા લાગે છે!

(૩) એવું શું છે જે જોવા માટે આંખ બંધ કરવી પડે?
જય દવે (ભાવનગર)
સપનું.

(૪) જેમાં રદ શબ્દ આવતો હોવા છતાં તમે એને રદ ન કરી શકો એવું શું છે?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
શરદપૂનમ.

(૫) મને છીંક આવવાની તૈયારી છે. હાથમાં પતાસું છે. પહેલાં છીંક ખાવ કે પતાસું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
નિરાંતે છીંક ખાઈ લો. પતાસું મોઢા પાસેથી દૂર રાખજો.

(૬) કાકા અને કાકી બન્ને ઊભા હોય તો કોને પગે લાગવું?
દર્શન પટેલ (વડોદરા)
કાકીને તો કાકાય પ્રસંગોપાત પગે લાગતાં હશે પણ કાકાને કોણ લાગશે? એટલે તમે બિચારા કાકાને જ લાગો.

(૭) જુગારધામોને તાળા મારવાનો કોઈ ઉપાય?
રામભાઈ પટેલ (સુરત)
જે દિવસે જીત્યા હો એ દિવસે પૂછશો તો ઉપાય બતાવીશ.

(૮) કવિઓના માથે ટાલ કેમ હોય છે?
વિપુલકુમાર મહેતા (રાજકોટ)
આર્થિક સમસ્યા!

(૯) ત્રણ ટાઈમ જમવાનું એવું કોણે શોધ્યું?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
મને તો હોટલવાળાનો હાથ લાગે છે!

(૧૦) શિક્ષણ સુધારણા માટે આપને ઈઝરાયલ કે ઈરાન મોકલવામાં આવે તો કયો દેશ પસંદ કરો?
ડાહ્યાભાઈ આદ્રોજા, (લીલિયા મોટા)
અહી હું તમને નડું છું?!

(૧૧)સ ાહેબ..! ટાલ પડવાનાં મુખ્ય ત્રણ કારણો ક્યાં છે?
ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)
ત્રણ જણાને પડી છે?

(૧૨) શું ખાવાથી માણસ સુધરી જાય?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
ઉછીના આપ્યા હોય એના ઘરના ધક્કા.

(૧૩) એવી કઈ ચીજ છે કે જે હાથમાંથી સરકી જાય પછી પાછી નથી આવતી?
ધોરાજીયા ચંદ્રકાંત એન (સાજણટીંબા)
સાબુનું ચપોતરું.

(૧૪) અમને એવા સમાચાર મળ્યા છે કે તમે ગરબે રમવા નથી જતા ; ફક્ત નાસ્તો કરવા જ જાવ છો. સાચું છે ?
કનુભાઈ પરમાર (દામનગર)
અમારી સોસાયટી એવી માયાળુ છે કે ન જાઉં તો નાસ્તો આપવા રાત્રે અગિયાર વાગે આખું ગરબી મંડળ ઘેર આવે છે. ગામ ફેરવવા કરતા ગાડું ફેરવવું સારું.. એટલે હું જ નાસ્તા કરવા જઈ આવું છું.

(૧૫) તમે ઈઝરાયલ અને હમાસનું યુદ્ધ અટકાવી શકો કે નહિ ?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
લ્યો બોલો આટલા વરસ કોણે અટકાવ્યું હતું?! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# સત્તાધિશના કાન, સાંપનો ફૂંફાડો અને પતંગિયાની પાંખોનો ફફડાટ

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

રુચિર શર્મા એક આર્થિક પત્રકાર, રણનીતિકાર, વિશ્લેષક અને લેખક છે. આર્થિક જગતના ગણમાન્ય સંસ્થાનો અને પ્રકાશનો સાથે જોડાયેલા ભારતીય છે અને આર્થિક જગતમાં એમનાં અવલોકનો અને અભિપ્રાયોને આદરથી જોવામાં આવે છે. પચીસ વર્ષોના વિશ્વ પરિભ્રમણ અને એ દરમિયાન રાષ્ટ્રોના આગેવાનો, ઉદ્યોગપતિઓ, ગ્રામીણ જનતા સાથેની મુલાકાતોના નિષ્કર્ષ રૂપે એમણે 'ધ રાઈઝ એન્ડ ફોલ ઓફ ધ નેશન્સ' નામની એક બુક લખી છે. આ બુક દ્વારા એમણે કોઈપણ દેશના ભવિષ્યને નક્કી કરતા ઘણા બધા પરિમાણોમાંથી દશ અલગ તારવ્યા છે. જે મહદઅંશે આર્થિક જગતને લાગુ પડતા છે. ખૈર, એ એક આખો આર્થિક વિષય છે. પણ એ બુકની પ્રસ્તાવનામાં રુચિર શર્મા એક આફ્રિકન દેશની વાર્તા કહે છે. જેમાં એક રાજા પોતાના પુત્રને ગાદી સોંપતા પહેલા જંગલમાં મોકલે છે અને જંગલને સાંભળવાનું કહે છે. પ્રથમ દિવસે રાજકુમારને માત્ર કીડા અને પક્ષીઓનો અવાજ જ સંભળાય છે. એ શોર વચ્ચે એ માત્ર હાથીની ચિંઘાડ અને સિંહની ગર્જના જેવા મોટા અવાજોને જ સાંભળી શકે છે. રાજા ફરી ફરીને રાજકુમારને ત્યાં સુધી જંગલમાં મોકલે છે, જ્યાં સુધી એ જંગલના અન્ય પ્રાણીઓ અને પક્ષીઓના શોરબકોર વચ્ચે સાંપનો ફૂંફાડો અને પતંગિયાની પાંખોનો ફફડાટ સાંભળી શકવા સક્ષમ બને. રાજાએ રાજકુમારને એવું કહીને જંગલમાં મોકલ્યો હતો કે એણે ત્યાં સુધી જંગલમાં જવું જોઈએ જ્યાં સુધી એ ઠેહરાવમાં ખતરાની ઘંટી અને સુર્યોદયમાં આશાની કિરણ ન જોઈ લે. રાજકુમારે એ પણ સાંભળવું જોઈએ જે અવાજ નથી કરતુ. જે અવાજ નથી કરતુ એ જો તમે સાંભળી શકો તો તમારી નિર્ણય અને તર્ક શક્તિ ધારદાર બને છે. વાર્તા નાનકડી છે. બોધ ખુબ મોટો છે. અને આર્થિક જગત સિવાય બીજા બધાને પણ લાગુ પડે છે. જે લાંબા ભવિષ્ય અંગે વિચારે છે, ભલે પછી તે અંગત જીવન હોય, આર્થિક એકમ હોય કે દેશ, એણે આવા પરિબળોને ઓળખીને અનુમાન બાંધવા જરૂરી થઈ જાય છે. આ અનુમાન બાંધવાની અને એ આધારે ભવિષ્યનું આયોજન કરવાની દ્રષ્ટિને દીર્ઘદ્રષ્ટિ કહે છે. બહારનો શોરગુલ અને હો દેકારા વચ્ચે દેશની પ્રગતિ માટે જરૂરી સંકેતો અને જોખમો જોઈ લેવા દેશ કે કારોબાર ચલાવતી વ્યક્તિ માટે અગત્યનું છે. આર્થિક એકમ અને દેશ ચલાવવા વચ્ચે ખુબ અંતર છે. દેશમાં કેન્દ્રવર્તી જે ઓબ્જેક્ટ છે તે જીવંત છે.. દેશની જનતા અને દેશની ચેતના. જયારે આર્થિક એકમના કેન્દ્રનો ઓબ્જેક્ટ નાણું હોય છે. દેશની અંદર રહેલા દેશને અવરોધતા પરિબળોને પીછાણ્યા વિના પ્રગતિનું અનુમાન કે આયોજન કરવું ડહાપણ નથી. દેશની અંદર કોઈ વ્યક્તિ, વસ્તીનો કોઈ તબક્કો, કોઈ વિસ્તાર, કોઈ સંસ્થા, કોઈ સંગઠન કે જે દેશના મુખ્યપ્રવાહ સાથે નથી ચાલી રહ્યો, એ દેશની પ્રગતિની ગતિને જરૂર ધીમી પાડશે. આજના ગ્લોબલ વિલેજના કોન્સેપ્ટમાં આ બધું દેશની બહાર પણ હોઈ શકે છે. જ્યોર્જ સોરોસ જેવો અમેરિકન ઉદ્યોગપતિ હિન્દુસ્તાનને પછાડવા ઉત્સુક હોય અને દેશની અંદર તેને મદદ કે ટેકો કરતા દોગલાઓ હાજર હોય એ સિનારિયો તાજો જ છે. હિંડનબર્ગ જેવું સાત આઠ સભ્યો ધરાવતું એક આર્થિક સર્વેક્ષણ એકમ ભારતના શેરબજારને પછાડવા સતત મથતું રહે એ પણ તાજા તાજા હિન્દુસ્તાની અનુભવો છે. એ સિવાય દેશના અને વિદેશના ઘણા વ્યક્તિ વિશેષો કે જેની ફુલટાઈમ પ્રવૃત્તિ હિન્દુસ્તાનની ઘોર ખોદવાની જ છે તેઓ બધા આ કેટેગરીમાં આવે છે. દેશમાં બોમ્બ ફોડીને એક ચોક્કસ દેશમાં ભાગી જતા આતંકવાદીઓ, દેશની બેંકોને મોટા આર્થિક નુકસાનમાં ઉતારીને યુરોપના કોઈ દેશમાં સંતાઈ જતા આર્થિક આતંકવાદીઓ, દેશમાં રહીને દેશના કરદાતાઓના કરમાંથી થયેલી આવકમાંથી સબસિડી ચાટતી અને દેશને ગાળો આપે રાખતી જીવાતો, રેલવેના પાટા પર આડશો મૂકીને ટ્રેન ઉથલાવવાના કાવતરા કરતા હરામખોરો, દેશ વિરોધી નેરેટિવને સતત પ્રસારતા છાપાઓ અને ટીવી ચેનલોના પત્રકારો એ બધા પેલી વાર્તાના રાજકુમારે સઘન અભ્યાસ બાદ જંગલના ઘોંઘાટ વચ્ચે સાંભળેલા સાંપના ફૂંફાડા છે. દેશ ચલાવતા આદમીએ એ સાંભળતા રહેવા જોઈએ. એક ચીની કવિએ લખેલું છે કે નાનો દગો શરાબમાં ડુબાડી શકાય છે જયારે મોટા આઘાત અન્યાય કે દગાને તરવારના ઝટકાથી કાપવો પડે છે.

ટેમ્પરરી કે અકસ્માત આગેવાન આ અવાજો સંભાળવાની શક્તિ કે દુરંદેશી નથી ધરાવતો હોતો. દેશના મુખ્યપ્રવાહ સાથે જેની વિચારધારા સમાંતર નથી તેવો આગેવાન આ ફૂંફાડાને પક્ષીઓનું મધુર ગાયન સમજે છે. જે અનુભવોના ઈતિહાસમાંથી બોધ નથી લેતો અને અવગણે છે તેની દાનત અંગે શંકા કરવાનો સૌને અધિકાર છે. નિર્ણયશક્તિ, હિમત, નિષ્ઠા જેવા સદગુણો એમની પાસેથી અપેક્ષિત પ્રાથમિક ચીજો છે. જેની પાસે દેશનું સૂત્રસંધાન છે એની લગામ એના પોતાના હાથમાં હોય એ જરૂરી છે. નાદિરશાહ હાથી પરથી ઉતરી ગયો હતો કારણકે એ જાનવરની લગામ મહાવતના હાથમાં હતી. એણે કહ્યું કે જે જાનવરની લગામ મારા હાથમાં ન હોય તેની સવારી હું નહિ કરું. ભારતે રીમોટથી ચાલતા શીર્ષસ્થ નેતૃત્વનો એક ખુબ નબળો સમય છાતી પર સહન કર્યો છે. જ્યાં ફૂંફાડાઓ મંચ શોભાવતા હતા અને પેલો પતંગિયાની પાંખોનો ફફડાટ કોઈ સાંભળતું નહોતું. આજે દેશ આ ફૂંફાડાઓને ઓળખવા લાગ્યો છે. વાતાવરણ એટલું સ્વચ્છ અને નીરવ થઈ ગયું છે કે ફૂંફાડો તરત સંભળાઈ શકે છે. જેણે રાજ કરવું હશે એણે ફૂંફાડા અને પતંગિયાની પાંખોનો ફફડાટ બંને સાંભળવા જોઈશે. હવે માત્ર રાષ્ટ્રવાદી વિવેકબુદ્ધિ સાથે કાન ખુલ્લા રાખવા એ જ પ્રાથમિક શરત છે. ક્વિક નોટ -- આપણા ભય અને આપણી આશાઓ પ્રમાણે ઘટનાઓ નથી બનતી. યહૂદીઓ બાઈબલના એક્લેસીએસ્ટસના સદીઓ જુના ડહાપણમાં માને છે. એક સમય હોય છે પથ્થરો ફેંકવાનો અને એક સમય હોય છે પથ્થરો ભેગા કરવાનો... – થિયોડોર હર્ઝલ – યહૂદી ચિંતક. ■

# તું રંગાઈ જા ને રંગમાં.....નવદંપતીને લાગતો ભવોભવનો રંગ

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

રંગ લાગે એને તો એક છાંટો પડે ને તોય આખો મનખાવતાર બદલાઈ જાય અને ન લાગે એને રંગના હોજમાં ડૂબાડો તોય રંગ અડે કે ચડે નહિ. કેટલાક દંપતી એકબીજાના રંગે એવા રંગાઈ ગયા હોય છે કે પછી એને ઉત્તમ હો કે અધમ હો, આ સંસારની કોઈ ઈતર છાલક લાગતી નથી. જુની પેઢીમાં હજારો દંપતી એવા હતા કે એમણે એકબીજા સાથે સમજણથી અને વાતો કર્યા વિનાનો આખો ભવ પૂરો કર્યો. એક જમાનો હતો કે દંપતી વચ્ચે નહિવત્ વાતો થતી ને પ્રેમ લગભગ દૈવી કક્ષાનો હતો. અણગમતા બંધનો અને વ્યર્થ રીતરિવાજો વચ્ચે ય ગુલાબના ફૂલને ખિલવાની જગ્યા હતી. આજે પણ છે. કોઈ પણ ફૂલછોડને કેળવવો પડે, એને પાંગરવા દેવાની ધીરજ અને નિરપેક્ષિત લાગણીઓનો એક પ્રવાહ ઘરની વચ્ચેથી વહેતો રહેવો જોઈએ.

દામ્પત્ય જીવનના સૂત્રો જે પ્રચલિત છે તે હવે સાવ નહિ તોય મહત્ તો અપ્રસ્તુત થઈ ગયા છે. નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી. માણસે સલાહ આપતી વેળાના પોતાના મુખારવિંદનું પ્રતિબિંબ જોતા રહેવાની વ્યવસ્થા રાખવી જોઈએ. એક આખો સલાહયુગ પૂરો થઈ ગયો છે. જે યુગમાં સલાહ આપતા વ્યાખાનો, સલાહ આપતા પુસ્તકો અને સલાહ આપતા વક્તાઓ હતા. વાતો કરો અને આનંદ કરો. અને ઉપદેશ કોઈને લાગે છે? જેને આત્મભાનથી બેઠા થવું છે એ તો કોઈ એક કીડી કે પાંદડાંમાંથીય બોધ પ્રાપ્ત કરી લેશે. આવનારા સમયમાં જેમણે સારી લાયબ્રેરીઓ જાળવવી હશે એમણે એમાં રહેલા સલાહકારી ગ્રંથો દૂર કરવા પડશે. એક નવા ઉછરતા જીવનને એટલે કે તરોતાજા કોઈ કૂંપળને હવે પાનખરના પાંદડાની આત્મકથામાં રસ નથી.

ઘરમાં નવી વહુ આવે એને ઘરની વિવિધ પ્રથા-પરંપરાની જાણ કરી શકાય. એ ભૂલ કરે તો સ્હેજ યાદી આપી શકાય. બસ એનાથી વધારાનું ગૃહપુરાણ ઉખેળવાની જરૂર નથી. આગંતુક નવવધૂને એ તો ખબર જ હોય કે એક નવી જ દુનિયામાં આવે છે. એના પગલાં એક અજાણી ભોમકા પર પડે છે. એનું સુખ એણે જાતે નીપજાવવાનું છે. જે તૈયાર છે એ તો સગવડ છે, સુખ નથી. સગવડને સુખ માની ન લેવાય. સુખ જેને લેતા ને આપતા આવડે એને સગવડના મોટા મહેલ થતા વાર ન લાગે પરંતુ સોનાની સાંકળે આંબાડાળે હિંચકો બાંધેલો હોય અને વહુ-દીકરો એના પર હિંચકતા હોય તોય એ છે તો સગવડ જ. સગવડમાંથી સુખ નીપજે એથી ક્યાંય અધિક સુખના ભંડાર તો સ્વભાવમાંથી નીપજે.



દીકરાના લગ્ન થવાના બાકી હોય ત્યાં સુધી એ માતપિતાના 'ઘર'માં રહે છે. પરંતુ એકવાર એ પોતાની ધર્મપત્નીના કંકુપગલા સાથે પિતાના ઘરમાં પ્રવેશે એટલે એ ઘર એ બન્નેનું - નવદંપતીનું થઈ જાય છે. પછી માતાપિતા પોતાના ઘરમાં નહિ, દીકરાના ઘરમાં રહે છે. લગ્નથતાંવેંત દીકરા-વહુને ઘરનો કારભાર અને કાર્યભાર બેય સોંપી દેવાની જે માતપિતાની તૈયારી ન હોય એણે દીકરાની જાન જોડવી જ ન જોઈએ. અથવા તો એવા માતાપિતાએ દીકરાને અને સભંવિત વહુને લગ્ન પૂર્વે એડવાન્સમાં મીઠી ભાષામાં સ્પષ્ટતા કરવી જોઈએ. સ્પષ્ટતાથી કુટુંબક્લેશ ઘટે છે અથવા થતો જ નથી. આખરે એક નવી પેઢી ઘરના ફળિયામાં આકાર લઈ રહી છે. એને સારા હવામાનની અને વડીલોની શુભાકાંક્ષાઓની જરૂર છે. માત્ર આશીર્વચનો કંઈ કામમાં આવતા નથી.

**નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી**

પોતાની દીકરી સાસરે જાય એને એની માતા પિયરમાંથી ફોન કરીને પૂછે કે બેન, તારી સાસુ કંઈ કામકાજ કરે કે બધું તારે જ કરવાનું.....! આ સિક્કાની બીજી બાજુ જ જોવાની હોય છે કે પોતે પોતાના ઘરમાં આવેલી પુત્રવધૂ સાથે કામકાજમાં કઈ રીતે જોડાય છે. હવે કોઈ માતાને સાસુપણુ નિભાવવામાં રસ નથી એ સારી વાત છે પણ સાસુપણાનો યુગ પણ પેલા સલાહયુગ સાથે પૂરો થઈ ગયો છે. નવા જમાનાની કન્યાઓ તો અત્યંત સૌજન્યશીલ છે. એ તો પિતાના ઘરેથી પોતાના ઘરે આવે એના પ્રથમ દિવસથી સસરાને પપ્પા અને સાસુને મમ્મી કહે છે.

કમ સે કમ એના આ સંબોધનની મરજાદ જાળવીનેય પરિવારે નવી વહુ પર સુખનો શીતળ પાલવ-છાંયો રાખવો જોઈએ. કોઈ અજાણી વ્યક્તિ પણ તમને પપ્પા કે મમ્મી કહે તો તમારી જવાબદારી કેટલી બધી વધી જાય છે. આ તો તમારી પુત્રવધૂ છે ! વાત સાવ સામાન્ય છે. પુત્રના લગ્ન થયા પછી આ ઘર દીકરા - વહુનું છે ને એમાં અમે એની સાથે રહીએ છીએ. આટલું સમજાય એનો સંયુક્ત કુટુંબનો વડલો જળવાય છે. એને આઠેય પહોર આનંદ છે. ■

# થોડી જ વારમાં પોલીસની જીપ આવી પહોંચી




લઘુ-નવલકથા

યોગેશ પંડયા

જીપ અહીં શું કામ આવી ? કયાંક અર્જુનભાઇને મળવા માટે તો કોઇ આવ્યું નથી ને ? કે પછી અર્જુનભાઇ જીપની રાહ જોઇને જ ઊભાં છે ?'' આઉટ હાઉસની પાછળ સંતાયેલા જીમ્મી અને જીગર પરસ્પર ચર્ચા કરતા હતા કે જીપ આગળ ચાલી ગઇ તેની હેડલાઇટનાં પ્રકાશમાં અર્જુન આખેઆખો ઓળખાઇ ગયો.

જીપ, અર્જુન પાસેથી નીકળીને આગળ જતી રહી એટલે જીમ્મી અને જીગર ખંડેરની પાછળથી બહાર નીકળ્યા પણ જીગરે, જીમ્મીને કહ્યું : '' જીમ્મી, તું માન કે ન માન, પણ આ જીપ ભેદી છે. અત્યારે એ કદાચ રેકી કરી રહી છે. હમણાં પાછી આવવી જ જોઇએ.''

''રેકી અર્જુનભાઇની નહીં પણ સીટીમાં એવા કેટલાયે અસામાજિક તત્વો છે જેને આ રાજમહેલના ખંડેરમાં મોડી રાતે છૂપાઇને મોજમજા કરવી ગમતી હોય છે એટલે એ જીપમાં એક બે લફંગા બેઠા જ હશે. હમણાં રાત પડશે કે શરાબ અને શબાબની મહેફિલ શરૂ થશે. તું જોતો નથી, આ મેદાનમાં તેના અવશેષો ?'' પરંતુ તેમની છાની છપની ગૂસપૂસ આગળ વધે એ પહેલા પેલી જીપ પાછી આવી. આવીને સીધી જ અર્જુન પાસે ઊભી રહી. જીમ્મી અને જીગર તો અવાક થઇ ગયા તેઓ કંઇ સમજે એ પહેલા જ અંદરથી બે માણસો ઊતર્યા અને ઝડપથી અર્જુનના બન્ને બાવડા પકડી જીપમાં ચડાવી દીધો અને કોઇનો કડપદાર અવાજ સંભળાયો : ''દગડુ, ચલ.... ચલ.... ભગા જીપ ભગા...'' જીપે ફૂલ સ્પીડે પીકઅપ પકડયું. આઉટહાઉસ પચાસ મીટર જેટલું દૂર હતું એટલે જીમ્મી - જીગર ત્યાં પહોંચે એટલીવારમાં તો જીપ રફુચકકર થઇ ગઇ. આટલું સ્પિડમાં તો જીમ્મી કયારેય દોડયો નહોતો તેણે એ જ મિનિટે અનિતાને ફોન કર્યો. અનિતાએ ફોન ઉપાડયો કે જીમ્મીએ દત્તાનો મોબાઈલ નંબર માંગ્યો ''પણ થયું છે શું ?'' અનિતા ગભરાઈ ઉઠી : મેં હમણાં જ દત્તા સાહેબને બધી વાત કરી. દત્તા સાહેબ હમણા જ ઈન્સ્પેકટર સાહેબને મળવા જાય છે.''

''હવે જરાય મોડું કરવું પોષાય એમ નથી. તું મને દત્તા સાહેબનો જેમ બને એમ ફોન નંબર જલ્દી, જલ્દી બી કિવક...નંબર સેન્ડ કર.''

અનિતાએ જલ્દી નંબર લખાવ્યો કે સીટીંગ રૂમમાં બેઠેલી રવિના ફોન કરનાર સાથે થઈ રહેલી અનિતાની વાત સાંભળીને ખેંચાઈ આવી : ''આખરે, અનિતાની વાતમાં પોલીસ ઈન્સ્પેકટર કયાંથી ટપકયો ?'' એ અનિતા પાસે આવીને પૂછી રહી : ''શું થયું ? સરનું લોકેશન મળી ગયું ? સરનો કોન્ટેકટ થયો ? ફોનમાં કોણ હતું ? શું પોલીસ ઈન્સ્પેકટરને જાણ કરી ?'' તેના હેતુલક્ષી લાગતા તમામ સવાલોના જવાબ આપતા અનિતા, ગુસ્સાથી રવિના સામે તાકી રહી અને બોલી : ''સરનું જે કંઇ થાય, ફોનમાં કોઇ પણ હોય, લોકેશન મળે કે ન મળે, ઈન્સ્પેકટરને જાણ કરવી કે ન કરવી ? એ બધું જ મારે ડિસાઇડ કરવાનું છે. તને આ બધી બાબતો એટલી બધી તો શું લાગેવળગે છે કે તારે મને બધું જ પૂછવુ પડે ? મને તો એમ થાય છે કે તું અર્જુનનભાઈની ચિંતા કરે છે કે પછી કોઇ છાનબીન કરે છે ?''

અત્યાર સુધી સખી જેવી લાગતી અનિતા આજે તપાસ અધિકારી જેવી લાગી. કારસાની ધોરી નસને પકડી પાડતી અનિતાના પ્રતિ સવાલે રવિના મૂંગી મંતર બની ગઇ. અનિતાએ રવિનાની આંખમાં આંખ પરોવીને સ્પષ્ટ પણ કહી દીધું : '' રવિના, સાચું કહું તો અમે અમારી લાઈફ ખૂબ શાંતિથી અને સુખેથી રેલમછેલથી જીવતા હતા પણ તું જયારથી અમારા ઘરમાં આવી છો ત્યારથી ઘરની શાંતિ હરામ થઇ ગઇ છે !!''

''બસ... બસ... અનિતા, એ બિચારીનો શું વાંક છે એ તો બટકુ રોટલો ખાઇને ખૂણામાં પડી રહે છે. વાંક, મૂળ તારા ભાઇનો છે. જે દેખાય છે એને કહેતી નથી અને એક નિર્દોષને....''

''મા, તને હજી દુનિયાદારીની ખબર જ નથી. આ બધાને તું નિર્દોષ અને ભોળા ન માન. આ બધા દૂધ પાયેલા સાપ છે. આ લોકો કયારે ડંખ મારે એનો જરા પણ વિશ્વાસ ન કરાય...'' અનિતા ક્રુધ્ધ નજરે રવિનાને તાકતી અંદર ચાલી ગઇ. રવિના ધકડતા હૈયે તેને તાકી રહી. રાજેશ્વરીબાએ, રવિનાને સાંત્વન આપ્યું.

-----

થોડી જ વારમાં પોલીસની જીપ આવી પહોંચી. જીમ્મી અને જીગર ત્યાં જ ઊભા હતા. જીમ્મીએ દત્તાને નમસ્તે કરતા કહ્યું : ''પહેલીવાર જે શુભચિંતકનો ફોન આવ્યો હતો એ મારો જ ફોન હતો. અર્જુનભાઈની સિસ્ટર અનિતા અને અમે સાથે જ ભણીએ છીએ તે દિવસે અર્જુનભાઇનું બાઈક અમે અહીં જ પાર્ક થયેલું જોયું હતું અને મેં જ અનિતાને એ લોકેશન આપેલું.''

''પણ અત્યારે, તારે અમને વહેલાસર કહેવું હતું કમસેકમ મને ઈન્ફોર્મ તો કર્યું હોત '' ઈન્સ્પેકટર અજયે અફસોસ અને ફરિયાદના સ્વરે કહ્યું : ''તો એક ક્રાઈમ આગળ વધતું અટકી જાત. હવે આ પહાડી ઈલાકામાં એ જીપને કયાં શોધીશું ? આ સઘળો ઈલાકો બાગી - ગુંડા ડાકુલોગનો છે. અહીંયા આખી પોલીસની પલટન જોઈએ.''

''સોરી અમે જસ્ટ વિચારતા હતા અને વિચારતા રહ્યા પણ આવી ખબર ન હોય ને ?''

''અરે પણ તમે અર્જુનને ઓળખી જ ગયા હતા તો પછી એમને છોડવા નહોતા. બીજી ભૂલ તમે એ પણ કરી. એકવાર અર્જુન હાથમાં આવી જાત પછી અમે વાતના મૂળ સુધી પહોંચી જ જાત.''

''સોરી સર, આ બધું એકાએક બની ગયું... સપનું આવે અને જલ્દી તૂટે એમ જ.''

''ઈટ્સ ઓકે તમે હવે ઘેર જાવ અને દત્તા સાહેબ...'' દત્તાને ઉદેશીને ઈન્સ. અજયે કહ્યું : '' અર્જુનભાઈના ઘરે બધા ચિંતા કરતા હશે. અમે તપાસમાં નીકળીએ છીએ અને અમે એ જીપને પકડીને જ જંપીશું. પણ એને માટે થઈને બધાના જીવ જોખમમાં મુકવા માંગતો નથી.''

થોડીઘણી સમજાવટ પછી દત્તાને જીમ્મી જીગર ઘરે મુકવા આવ્યા. વળતા જીમ્મીએ જીગરને કહ્યું કહો કે ના કહો, પણ બહુ મોટુ સ્કેન્ડલ પકડાવાનું છે. ઈન્સ્પેકટર તપાસ કરે કે ના કરે પણ આપણે જમીને તપાસ કરીએ કે ખરેખર છે શું ?''

''જો જીમ્મી,'' જીગરે સ્પષ્ટતા કરતા કહ્યું : ''અનિતા આપણી સાથે ભણે છે એ વાત સાચી અને તારા અને અનિતાના સંબંધો એક મિત્ર કરતા પણ વિશેષ છે એ પણ જાણું છું. અનિતા માટે તે વીક્કી સાથે વેર બાંધ્યુ છે જેનાથી આખી કોલેજ અવગત છે. પણ આપણે બન્ને એના ભાઈ માટે આટલી મોડી રાત્રે તપાસમાં નીકળીએ એ વાત મને યોગ્ય લાગતી નથી. હવે તો પોલીસ ઈન્સ્પેટરને બધી ખબર પડી ગઇ છે અને આ કેસ તેમણે હાથમાં લીધો છે પછી આપણે જોખમ શા માટે ઉઠાવવું ?''

''ઓકે... ઓકે...'' કટાક્ષભર્યું હસતા જીમ્મીએ જીગરની પીઠ ઠપકારી : '' ડરપોક દોસ્ત કરતા બહાદુર દુશ્મન સારો, દુશ્મન બહાદુર હોય તો એ કયારેય દગો નહીં કરે પણ ડરપોક દોસ્ત કયારે સાથ છોડીને ભાગી જાય એનું કશું નક્કી નહીં.'' ''યાર... તું મને કયારેય સમજી શક્યો જ નહીં. આ રાતનો સમય જો, હું ને તું અત્યારે અર્જુનસરને શોધવા કયાં કયાં જઈશું ?''

''મારા મનમાં બેથી વધારે સ્પોટ છે. માન કે ન માન, અર્જુનભાઈ સવારે ત્યાંથી મળશે, મળશે ને મળશે જ એટલે હું જમીને આવુ છું. તું આવે તો ઠીક, બાકી તારી ઈચ્છા પછી તો હું પણ કહીશ : '' દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા.'' અંતે કંટાળીને જીગર તૈયાર થયો. રાતના નવ જેવું થયું હતું. આઝમગઢ હાઈવે ઉપર ચડેલી જીપ આગળ જતાં કયાંથી વળી હશે એ નિશાન શોધવાના હતા એટલે આગળ જતી હોટેલે બન્ને ઊભા રહ્યા. દેશી નળિયાવાળી ચા - પાણીની હોટેલ હતી. ચાની આડમાં દારૂનો પણ ધંધો ચાલતો હશે એવું જીમ્મીએ નક્કી કર્યું. હોટલની બહાર પાનનાં ગલ્લાવાળાને પૂછયું તો તેણે ખુબ સ્પીડથી નીકળી હતી. અમારૂ ધ્યાન એટલા માટે ગયું કે અહીંથી ચા પાણી પીને એક બાઈક સવારે બરાબર તેનું બાઈક રોડ ઉપર ચડાવ્યું ને આ બાજુથી ફુલ સ્પીડથી જીપ આવી અને અહીંયા જ એક્સિડન્ટ થતા થતા રહી ગયો પછી તો અંદરથી એક કદાવર દાઢીવાળો માણસ ઉતર્યો અને બાઈકવાળાને ચાર - પાંચ થપાટ ચડાવી દીધી. બાઈકવાળા બિચારાને અમે છોડાવ્યો.''

''દાઢીવાળો ? પેલો તો નહીંને ? જે લેબ ઉપર મળેલો ?'' જીમ્મીના મગજમાં બત્તી થઈ.

એણે ગલ્લાવાળાને પૂછયું : ''એ માણસના ગળામાં જાડી ચેન હતી ? એનો ચહેરો ડરામણો હતો ? એણે ટીશર્ટ પહેર્યુ હતું ? એના કાંડામાં સાંકળી હતી ? '' ''હા.... એ જ .... એ જ... બિલકુલ ગુંડો લાગતો હતો ગળમાં તો જાડી જબરી ચેન હતી. કાળુ ટીશર્ટ પહેર્યુ હતું અને ઊંચો કદાવર લાગતો હતો.''

''ઓકે જીપ અહીથી કયાંય વળી હતી ખરી ?''

''ના એ તો સીધી ગઈ...''

''હવે ચાલને પાછાં જઈએ.'' જીગરે જીમ્મીને સમજાવ્યો. જીમ્મીએ કહ્યું ''ઈટ્સ ઓકે '' બન્ને પાછા વળ્યા ત્યારે રાજમહેલની આગળ તેની જ રાહમાં ચાર જણા ઊભા હતા : એ હતો વીકી અને તેના સાગરીતો !'' જીગર વીકીને જોઈને ગભરાઈ ગયો. જીમ્મીએ બાઈક ઊભુ રાખી દીધું. (ક્રમશઃ) ■

# જ્યોતિ ઝડપથી બોલી : '' ના, હું જાગું છું, એમ કંઇ ઊંઘ આવે...''





ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

જ્યોતિએ દામલના આ શબ્દો સ્પષ્ટ રીતે સાંભળ્યા જ હતા. વળી એ જાગતી જ હતી. છતાં ચૂપ રહી. કંઇ બોલી નહીં. આવું થતાં હવે દામલે તેનો એક હાથ... જ્યોતિ સૂતી હતી તે માથા તરફ આગળ લંબાવતા વળી અવાજ કર્યો : '' તું ઉંઘી ગઇ... કે..''

બરાબર આ સમયે દામલ તરફ જ્યોતિએ પડખું ફેરવ્યું એ સાથે જ દામલનો લાંબો કરાયેલ હાથ તેની છાતી નીચે આવી ગયો., દબાઇ ગયો. આમ અચાનક આવું થતાં જ્યોતિ ઝડપથી બોલી : '' ના, હું જાગું છું. એમ કંઇ ઊંઘ આવે...'' આટલું બોલી વળી જરા ઊંચી થઇ, પોતાની છાતી નીચેથી દામલનો હાથ પકડી... જરા ઊંચો કરી બોલી : '' આ તારો હાથ મારી....'' આટલું બોલી દામલના હાથનો પંજો પોતાના હાથના પંજા સાથે આંગળા મેળવી બરાબરનો ભીડી દીધો પછી જરા દબાણ કરતાં બોલી : ''મારી જેમ તને પણ ઊંઘ નથી આવતી ને ?''

''ઊંઘ નથી આવતી અને આવા અંધારામાં કંઇ દેખાતું નથી એટલે તો હું કંઈક કહેવા માગુ છું. સાંભળ : અંધારા વિશે તે અને મેં ઘણું જાણ્યું. એમ તો તારા કોમળ કોમળ હોઠની કોમળ કોમળ ચામડી વચ્ચે પણ અંધકાર તો છે જ, તારા કેશકલાપમાં પણ અંધકાર તો ભળેલો જ છે અને હા, મેં જોયું છે, તારી ગરદન પર ને તારા કપાળ પર રહેલા કાળા તલમાં પણ અંધકાર છે. તારી આંખની કીકીમાં પણ અંધકારનો દરિયો ભર્યો છે. તો પછી અત્યારે આવા અંધકારમાં હું તને પૂર્ણપણે પામી ન શકું ? તારૂં શું કહેવાનું છે...?'' જ્યોતિએ આવુ પૂછયું અને...

તેણે પકડેલા દામલના હાથના આંગળાને પોતાના હોઠ પર રાખી ઊંડેથી ચૂમ્યા. પછી થોડીવાર આંગળીઓને આમ તેમ હોઠ પર ઘસતી રહી. આવું થતાં દામલના શ્વાસ વધતા રહ્યા, તેનામાં મીઠો મીઠો ગભરાટ પણ વધતો ગયો. પરંતુ ન તો દામલ કંઇ બોલ્યો કે ન તો પછી જ્યોતિ કંઇ બોલી બસ..., જ્યોતિ તો તેના હોઠ પર દામલની આંગળીઓ ધીમે ધીમે મૃદુતાથી ઘસતી જ રહી. ત્યાં તો જ્યોતિએ એકાએક એ બન્ને આગળીઓ તેના મોઢામાં મૂકી દઈ, હોઠ પણ ભીડી દીધા ને પછી જીભ વડે આંગળીઓ ઊંડી ચૂસવા લાગી. આવુ થતાંની સાથે જ દામલનું આખુ શરીર કડક થઈ ગયું, તેનું મોઢું અધખુલ્લુ રહી ગયું, શ્વાસોશ્વાસ એકદમ વધ્યા પરંતુ જ્યોતિ તો આંગળીઓને ચગળતી રહી, ચગળતી રહી, ચૂસતી રહી.

થોડા સમય પછી જ્યોતિએ બન્ને આંગળીઓ તેના મોઢામાંથી બહાર કાઢી પરંતુ એ સાથે દામલના એ હાથના પંજાને ધીમેથી તેણે તેની ઉપસેલી છાતી પર રાખી દીધો ને માથે તેના બીજા હાથના પંજા વડે દબાણ વધાર્યું.

ત્યારે સ્પર્શાનુભવે દામલે અનુભવ્યું કે જ્યોતિની છાતી ગરમ ગરમ હતી અને કોણ જાણે શું થયું કે દામલે પડખું ફરી તેનો બીજો હાથ પણ જ્યોતિની છાતી પર રાખી જ દીધો.

અંધારામાં કશું દેખાયું નહીં પણ જ્યોતિની ગરમ ગરમ છાતીને અડકવાનો અને ધીમે ધીમે મર્દન કરવાનો અનેરો લાભ તો લઈ જ લીધો. હા, પોતે ખૂબ ખૂબ શરમાળ હતો પણ જ્યોતિનો સહયોગ કે સાથ મળતાંની સાથે હવે તો પાછો પડે તેમ ન હતો.

અત્યારે જ્યોતિની ભૂખ તો જાણે કે ભૂખાળવી થઈ ગઈ હોય તેમ લાગતું હતું. કારણ કે તે એટલા બધો સાથ અને સહકાર આપતી હતી કે ન પૂછો વાત ! દામલને જે કંઈ કરવું હોય તે, જે કંઈ ઈચ્છે તે બધું જ તે સામેથી કરવા માટે તૈયાર થઈ જતી.

હજુ આ વાત આટલેથી પતે તેમ ન હતી. એમાં પણ કાળું અંધારૂં તો હતું જ વળી અહીં અજાણી જગ્યા હતી. તો પણ થોડું બળ કરી જ્યોતિ તેના પલંગ પરથી જરા બેઠી થઈ અને પાસે જ અડકીને રહેલા દામલના પલંગમાં, દામલ સાથે ચપોચપ સંકોચાઈને ચોંટી જઈ લેટી ગઈ ત્યારે વળી દામલે અનુભવ્યું કે જ્યોતિની નાઈટી તો આવા અંધકારમાં કયાંય ઓળગી ગઈ હતી.

હવે દામલના શરીર સાથે જ્યોતિનું શરીર ચોંટેલું હતું ને બન્નેના મોં સાવ જ નજીક હતા. એવે વખતે જ્યોતિ ધીમેથી દામલના કાનમાં બોલી : ''હવે મને જરા પણ ડર નહીં લાગે, દામલ...!''

એટલું કહેતાની સાથે જ તેણે દામલના ચહેરા પર, ગાલ પર, નાક પર, આંખોની પાંપણ પર, કપાળ પર, કાન પર એમ આખાએ ચહેરા પર મીઠી મીઠી ચૂમીઓનો જાણે વરસાદ વરસાવ્યો. અત્યારે જ્યોતિ ખૂબ જ ખીલી હતી, કદાચ એ આઝાદ થઈ ગઈ હતી એટલે તો તે મોકળા મને, ખુલ્લા મને આવા ખેલ ખેલી રહી હતી.

અત્યાર સુધી પોતાના શરીરમાં ઉત્પન્ન થયેલા જિન્સી આવેગોને મહાપ્રયાસે, મહામુસીબતે દામલે રોકી રાખેલા હતા. પરંતુ હવે હદ થઈ ગઈ, હવે રહી જ શકાય તેમ ન હોવાથી તે જરા ઊંચો થયો ને તેણે તેનું મોઢું ને બે હાથ જ્યોતિની છાતી પર રાખી જ દીધા. ત્યાં તો જ્યોતિ માંડ માંડ બે શબ્દો બોલી : ''ઓહ દામલ...! મારા... દામલ !'' એટલું બોલતાંની સાથે જ્યોતિએ તેના બન્ને હાથ વડે દામલનું માથું તેની છાતી પર જોશભેર દબાવી જ દીધું.

શ્વાસોશ્વાસની પ્રક્રિયા બન્નેમાં આપમેળે જ વધતી ચાલી. આવો આનંદ કોઈનો એકનો ન હતો. અરસપરસ આનંદ મેળવવા કે માણવા માટે બન્નેની સહમતી અને સથવારો તે જોઈએ જ ! ને આમાં વધારે સાથ તો જ્યોતિ આપી રહી હતી. એ પણ પૂરા જોશ અને આવેશ સાથે. એટલે જ તો અત્યારે જ્યોતિ દામલમય અને દામલ જ્યોતિમય બનીને થનગનતા હતા. એકબીજાના દેહની ઊકળતી ઉષ્માની આપ - લે ખૂબ ઝડપથી વધવા લાગી. એ સાથે તો શરીરની તમામે તમામ નસો ફૂલીને જાણે દડા જેવી થઈ ગઈ. ને પછી..., (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજયની પહેલી સહકારી સુપર માર્કેટ : ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ

અમરેલી, તા.૧૨

ગુજરાત રાજયની પહેલી સહકારી સુપર માર્કેટ 'ગુજકો માર્ટ'નો અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર શુભારંભ થયો છે. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન-ગુજકોમાસોલ દ્વારા આ સહકારી સુપર માર્કેટ-મોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસન-નેતૃત્વ કાળને ૨૩ વર્ષ પૂર્ણ થવા પર રાજયભરમાં વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં 'સહકારી સુપર માર્કેટ' રિટેલ ચેઈનનાં વિકાસની દિશા ખૂલી છે. સહકારી સંસ્થા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજયભાઈ પટેલ દ્વારા આ સહકારી સુપર માર્કેટ-ગુજકો માર્ટને જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. ગુજકો માર્ટનાં લોકાર્પણ પ્રસંગે દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ






સંકલ્પ આપ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહનાં નેતૃત્વમાં મોડેલ બાયલોજ અમલમાં લાવીને પૈકસને વધુ મજબૂત બનાવવા વિવિધ ક્ષેત્રમાં કામ કરવાની સત્તાઓ આપી છે જેનાં અનુસંધાને ગુજકોમાસોલ દ્વારા ગુજકો માર્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે. આ માર્ગે આગળ વધીને ગુજકોમાસોલ રાજયના ખેડૂતોને મદદરૂપ થઈ શકે તે માટે ગુજકો માર્ટનો પ્રારંભ કરાયો છે. તેમણે વધુમાં કહ્યું કે અલગ અલગ ખેત ઉત્પાદન જે જિલ્લામાં થતું હોય તેનું મૂલ્યવર્ધન(વેલ્યૂ એડિશન) કરીને લોકો સમક્ષ મૂકવા માટે ગુજકોમાસોલ કાર્યરત છે. ગુજકો માર્ટના માધ્યમથી લોકોને ગુણવત્તાવાળી, શુદ્ધ, મૂલ્યવર્ધક અને કિંમતમાં પરવડે તેવી પ્રોડકટ આપવાનો પ્રયાસ કર્યો છે. નાનાં-મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર ગુજકો માર્ટ સુપર માર્કેટ ખોલવાનું આગામી આયોજન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકનાં ચેરમેન અજય પટેલે કહ્યું કે, ઓર્ગેનિક ફાર્મ પ્રોડકટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટનાં માધ્યમથી ખેડૂતોને મળી ગયું છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગુજકોમાસોલનાં ઉપાધ્યક્ષ બિપીન પટેલ(ગોતા), ગુજરાત રાજય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન, ગુજકોમાસોલના પૂર્વ ઉપાધ્યક્ષ ગોવિંદભાઈ પરમાર તથા ગુજકોમાસોલનાં ડિરેકટરો સહિતનાં સહકાર ક્ષેત્રનાં મહાનુભાવો, ખેડૂતો અને લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધોરાજીની ઈમ્પિરીયલ સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

ધોરાજી,તા.૧૨



તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજીના જામકંડોરણા રોડ પર આવેલ ઈમ્પિરીયલ સાયન્સ સ્કૂલ ખાતે ઈમ્પિરીયલ નવરાત્રિ મહોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ તકે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રાસ-ગરબા રમી માતાજીની આરાધના કરવામાં આવી હતી. મહેમાનોને સ્કૂલનાં વિનોદભાઈ હીરપરા, મનોજભાઈ પોશીયા, મિતેશભાઈ બુટાણી, રવિભાઈ પોકીયા, ભાવેશભાઈ હીરપરા, ભાવિનભાઈ લુણાગરીયા, રોહિતભાઈ લકકડ સહિતના લોકોએ આવકાર્યા હતા.

## મુખ્યમંત્રી સ્વાગત ફરિયાદ નિવારણમાં ૬.૬૬ લાખ અરજીનું નિરાકરણ

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સતત માર્ગદર્શન હેઠળ ગુજરાત છેલ્લા ૨૩ વર્ષથી અવિરતપણે વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. છેલ્લા ૨૩ વર્ષમાં ગુજરાતને વિકાસ મોડેલ બનાવવા રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રજાલક્ષી નિર્ણયો, કાર્યક્રમો તથા યોજનાઓ અમલમાં મુકાઈ છે. આવી જ એક મહત્વની પહેલ એટલે સ્વાગત કાર્યક્રમ, જેના



થકી ગુજરાતના સાડા છ લાખથી વધુ સામાન્ય નાગરિકોની વિવિધ સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ આવ્યો છે. આવા જન ભાગીદારીના કાર્યક્રમોને ઉજાગર કરવા રાજ્ય સરકાર દ્વારા તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. અરજદારોની રજૂઆતો સ્વાગત કાર્યક્રમમાં આવે છે. જે પૈકી મોટાભાગની રજૂઆતો અને ફરિયાદોનું સુખદ નિવારણ કરાઈ રહ્યું છે. સ્વાગત કાર્યક્રમ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૬.૭૧ લાખથી વધુ રજૂઆતો આવી છે, જેમાંથી ૬.૬૬ લાખથી વધુ એટલે કે ૯૯.૨૦ ટકા રજૂઆતોનું સુખદ નિરાકરણ કરવામાં આવ્યું છે. વિભાગ મુજબ વાત કરીએ તો મહેસૂલ વિભાગની ૯૮.૧૪ ટકા અરજીઓનું સુખદ નિરાકરણ કરાયું છે. જ્યારે ગૃહ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ વિકાસ વિભાગ તેમજ જળ સંપતિ, પાણી પૂરવઠા વિભાગની ૧૦૦ ટકા અરજીઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે.

## કોડીનારની કે.ડી. બારડ સાયન્સ ડે સ્કૂલનાં વિદ્યાર્થીઓ પ્રોડકટસ ડેરીની મુલાકાતે



તસ્વીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૧૨

કોડીનાર કે.ડી. બારડ સાયન્સ ડે સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સિમાસી ગામે આવેલી નાઘેર ડેરી પ્રોડકટસની મુલાકાત લીધી હતી. જયાં નાઘેર ડેરી પ્રોડકટસના મેનેજિંગ ડોયરેકટર જીતુભાઈ ડોડીયા તેમજ રોહિતભાઈ બારડના માર્ગદર્શન અંતર્ગત સાયન્સ બાબતે અને ડેરીમાં થતુ વિવિધ પ્રોડકટસનું પેકેજિંગ કઈ રીતે થાય તે વિગતવાર સમજાવવામાં આવ્યુ હતુ.

## ભોજનમાં પેશાબ, થૂંકવા બદલ મુસ્લિમ ધાર્મિક નેતાઓ મૌન કેમ? બાબા રામદેવ

દહેરાદૂન,તા.૧૨

યોગગુરુ સ્વામી રામદેવે મુસ્લિમ ધર્મગુરુઓને ભોજનમાં મુસ્લિમ યુવાનો દ્વારા થૂંકવા, પેશાબ કરવા વગેરેની ઘટનાઓનો સખત વિરોધ કરવા હાકલ કરી છે. યોગગુરુએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે મુસ્લિમ ધાર્મિક નેતાઓ આવી ઘટનાઓ પર મૌન જાળવી રહ્યા છે. તેમણે કહ્યું કે આવી ઘટનાઓ મુસ્લિમ ધર્મ અને કુરાન પાકને પ્રોત્સાહન આપતી નથી. આવી ઘટનાઓથી મુસ્લિમો અને કુરાનની બદનામી થઈ રહી છે. આ દરમિયાન યોગગુરુ અને આચાર્યએ લોકોને



દશેરાની શુભેચ્છા પાઠવી હતી. તાજેતરના દિવસોમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા થૂંકવા, પેશાબ કરવા અને ગંદકી ફેલાવવાના વીડિયો પર બોલતા યોગ ગુરુએ કહ્યું કે મુસ્લિમ મુલ્લાઓ, મૌલવીઓ અને ધાર્મિક નેતાઓએ આગળ આવીને આવી ઘટનાઓ વિશે બોલવું જોઈએ.

## હરિયાણાના કૈથલ જિલ્લામાં કાર નહેરમાં ખાબકતા ૭ લોકોના મોત

કૈથલ,તા.૧૨

હરિયાણાના કૈથલ જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો જ્યારે મેળો જોવા જઈ રહેલા પરિવારની કાર નહેરમાં પડી. કાર નહેરમાં પડી જતાં પરિવારના ૭ લોકોના મોત થયા છે, જેમાં ૩ યુવતીઓ અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, કોમલ નામની છોકરી ગુમ છે,



ડીએસપી લલિત કુમાર કહે છે, "અમને માહિતી મળી હતી કે એક પરિવાર મેળામાં જઈ રહ્યો હતો, તેમની કાર મુંદ્રી પાસે કેનાલમાં પડી, જેમાં પરિવારના ૭ સભ્યોના મોત થયા, અમને માત્ર એક બાળકી ગુમ હોવાની માહિતી મળી છે અને આ ઘટના પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

## કલમ ૩૭૦ની પુનઃસ્થાપવાની અપેક્ષા રાખવી મૂર્ખતા : ઓમર અબ્દુલાના નિવેદનથી કોંગ્રેસમાં ચિંતા

### ભાજપ સાથે સંભવિત રાજકીય ગઠબંધનની અટકળો તેજ

જમ્મુ,તા.૧૨

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો બહાર આવ્યા બાદ ચાર અપક્ષ ધારાસભ્યોએ ઓમર અબ્દુલ્લાની પાર્ટી નેશનલ કોન્ફરન્સ (NC)ને સમર્થન આપવાની જાહેરાત કરી છે. જમ્મુ અને કાશ્મીરમાં એનસી પાસે ૪૨ બેઠકો છે, પરંતુ ૪૮ બેઠકો સાથેનું એનસી-કોંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ૪૫ના અડધા આંકડાથી ઉપર છે.



ઘાટીમાં એનસીની જીત થઈ છે, જ્યારે જમ્મુના મેદાનોએ ભાજપને નિર્ણાયક રીતે મતદાન કર્યું છે. જમ્મુ ક્ષેત્રમાં કોંગ્રેસને માત્ર એક જ બેઠક મળી છે.ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, 'હું દરેક શક્ય પ્રયાસ કરીશ જેથી આવનારી સરકાર એલજી અને કેન્દ્ર સરકાર સાથે સારા સંબંધો જાળવી શકે. નેશનલ કોન્ફરન્સે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યા વિના પણ સારું પ્રદર્શન કર્યું છે. અમારું કોંગ્રેસ સાથે ગઠબંધન માત્ર બેઠક માટે ન હતું. અમે એક સિવાય તમામ બેઠકો જીતી શક્યા હોત. ઓમર અબ્દુલ્લાએ એવો પણ સંકેત આપ્યો છે કે હાલમાં કલમ ૩૭૦ના મુદ્દે કોઈ સંઘર્ષ નહીં થાય. તેમણે કહ્યું, 'અમારું રાજકીય વલણ ક્યારેય બદલાયું નથી. ભાજપ પાસેથી કલમ ૩૭૦ની પુનઃસ્થાપનાની અપેક્ષા રાખવી મૂર્ખતા છે. યોગ્ય સમયે આમે આ મુદ્દો લાવીશું.' ઓમર અબ્દુલ્લાના આ નિવેદનોએ ભાજપ સાથે સંભવિત રાજકીય ગઠબંધનની અટકળોને તેજ બનાવી દીધી છે. બંને પક્ષો અગાઉ પણ સાથે રહી ચૂક્યા છે. નેશનલ કોન્ફરન્સ અટલ બિહારી વાજપેયીની એનડીએ સરકારનો ભાગ હતી અને ઓમર અબ્દુલ્લાએ ૧૯૯૯ અને ૨૦૦૨ વચ્ચે વાજપેયી સરકારમાં મંત્રી તરીકે સેવા આપી હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનાર ખાતે પ્રધાનમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજવામાં આવ્યું



તસ્વીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૧૨

કેવિકે કોડીનાર ખાતે પ્રધાનમંત્રી દ્વારા પી.એમ. કિસાન સન્માનનિધિ યોજનામાં ૧૮મા હપ્તાનું જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ મહારાષ્ટ્રના વસીમ ખાતેથી ઉદબોધન કરાયું હતુ. આ કાર્યક્રમ ૩૫ બહેનો, ૨૫ ભાઈઓએ નિહાળ્યો હતો તેમજ કેવિકેના વિષયનાં નિષ્ણાંતો દ્વારા ઉપસ્થિત ખેડૂત ભાઈઓએ તથા બહેનોએ કૃષિ તથા ઘર આંગણે શાકભાજીના વાવેતર કરવા જેવા મહત્વનાં વિષય પર માહિતી આપવામાં આવેલ હતી.

## ભેસાણ તાલુકા કક્ષાનાં વિજ્ઞાન મેળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ઉદાર દાન

ભેંસાણ, તા.૧૨

તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો રાણપુર ખાતેની ગૌશાળા સમાજમાં યોજાયો હતો, જેમાં રાણપુર હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ બાળ વૈજ્ઞાનિકો માટે રૂ. ૭૩,૦૦૦નું અનુદાન આપ્યું હતું. તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિકો દ્વારા પાંચ વિભાગમાં કુલ ૨૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપવાના હેતુથી



તસ્વીર : ગોપાલ ભેંસાણીયા

શૈક્ષિક મહાસંઘ ભેસાણના અધ્યક્ષ અને રાણપુર હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી નરેન્દ્રભાઈ ભુવાએ ૨૦૦૪ બેચના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક કીટ માટે અનુદાન એકત્રિત કર્યું હતું.

કાર્યક્રમમાં દાતાઓ અને રાણપુર હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે માજી ધારાસભ્ય ભૂપતભાઈ ભાયાણી, તાલુકા પંચાયત પ્રમુખ ગાંડુભાઈ કથીરિયા, મામલતદાર પારગી, સરપંચ સુરેશભાઈ સાવલિયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નરેન્દ્રભાઈ ભુવાએ જણાવ્યું હતું કે કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા શિક્ષક પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## ડોળાસા ખાતે બીજેપીના કાર્યકરોની માર્ગદર્શન શિબિર યોજવામાં આવી

### બીજેપીનાં સભ્ય નોંધણી કાર્યક્રમને વેગ આપવાની અપીલ કરી

ડોળાસા, તા.૧૨

કોડીનાર તાલુકાના ડોળાસા ખાતે બીજેપીના કાર્યકરોની માર્ગદર્શન શિબિર યોજાઈ. જેમાં બીજેપીના અગ્રણી નેતા



તસવીર : અનીલ કાનાબાર

ઝવેરિભાઈ ઠકરાર, કોડીનાર ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, કોડીનાર બીજેપી પ્રમુખ ભગુભાઈ પરમાર, કોડીનાર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ શીવાભાઈ સોલંકી, કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર, સોમનાથ જિલ્લા પંચાયતના સદસ્યો દિલીપભાઈ મોરી અને અમુભાઈ વાજા અને ડોળાસા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન બીજેપીના સક્રિય કાર્યકરોને બીજેપીના સભ્ય નોંધણી કાર્યક્રમને વેગ આપવાની અપીલ કરવામાં આવી હતી.

## ઉના પંથકનાં પાંચ ગામની શાળાઓમાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

### સેવ વાઈલ્ડ લાઈફ, સેવ એનિમલ, વન્ય જીવ બચાવો, એક સંદેશો લોકોને આપ્યો

ઉના, તા.૧૨

ઉના તાલુકાના નવાબંદર વન વિભાગ રાઉન્ડ સ્ટાફ ટીમ દ્વારા તાલુકાની વિવિધ



શાળાઓમાં જઈ વન્ય પ્રાણીઓ વિશે વીડિયોગ્રાફીથી જાણકારી આપી તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન શાળાઓમાં કરવામાં આવ્યું. શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, તેમજ માનવ જાત અને પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ ઘટે તે અંગેની માહિતી આપવામાં આવી. ઉનાની સોનારી, કાજરડી, કેસરીયા, એલમપુર, સનખડા જેવી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઊભા રહીને સેવ વાઈલ્ડ લાઈફ, સેવ એનિમલ,વન્ય જીવ બચાવો જેવી થીમ બનાવીને પ્રાણીઓને બચાવવા એક સંદેશો લોકોને આપ્યો હતો.

**કામદારોઓ આ ભાગ જોખમી હોવાનુ જણાવ્યું હોવા છતાં માલિકે ધ્યાન ન આપ્યું**

# કડીના જાસલપુર ગામે ભેખડ ધસતા ૯ શ્રમિકોના મોત

**મૃતકોના પરિવારજનોને રૂ.૪ લાખની સહાય જાહેર કરાઈ**



કડી,તા.૧૨

કડીના જાસલપુર ખાતે ભેખડ ધસતાં ૧૦ શ્રમિકો દટાઈ ગયા હતા, જેમાંથી નવના મૃતદેહ મળી આવ્યા છે. આ દરમિયાન એક મજૂરને જીવિત બહાર કાઢવામાં આવ્યો છે, જે હાલ સારવાર હેઠળ છે. આ ઘટનામાં રાજ્ય સરકારે મૃતકોના પરિવારને ચાર લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની આર્થિક સહાય જાહેર કરી છે. એવી જ રીતે, કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનોને રૂ. બે લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાયની જાહેરાત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કડી તાલુકાના જાસલપુરમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ૧૦ જેટલા શ્રમિકો દટાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ સહિત અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કડી પોલીસના જણાવ્યા અનુસાર ફેક્ટરીમાં ૨૦ ફૂટ નીચે સેફ્ટી ટેન્ક બનાવવાની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન ઈંટોની દિવાલ ધસી પડતાં મજૂરો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે એક મજૂરને જીવતો બહાર કાઢવામાં સફળતા મળી છે. શ્રમિકનું કહેવું છે કે, '૨૦ ફૂટ ઉંડા ખાડાને સમતળ કરવાની કામગીરી ચાલુ હતી. અને બાજુમાં જેસીબીથી કામ ચાલતુ હતું. જેના કારણે માટી ધસી પડતા લોકો દટાયા હતા. માટી ધસી પડવાની સાથે બાજુમાં રહેલી ઈંટોની દિવાલ પણ ધસી પડી હતી'. આ ઘટનામાં માલિકની બેદરકારી સામે આવી છે. આ કામગીરી ચાલી રહી હતી ત્યારે કામદારોએ જણાવ્યું હતું કે, 'આ ભાગ જોખમી છે, મોટી દુર્ઘટના સર્જાઇ શકે તેમ છે. પરંતુ તેમની વાતની અવગણના કરાઈ હતી અને કામગીરી આગળ ધપાવી હતી. છેવટે નવી ફેક્ટરીની બની રહેલી દીવાલ ધસી પડી હતી. આ ઘટનામાં મેનેજર અને સુપરવાઈઝર કૌશિક પરમાર સામે કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે સેફ્ટીના સાધનો અભાવ હોવાનું પણ સામે આવ્યું છે. આ ઘટનામાં કોણ જવાબદાર છે તે અંગે તપાસ ચાલુ છે. પોલીસના મતે, માલિકો ભાગી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવશે. આ દુર્ઘટના સર્જાતા દશેરાના દિવસે મહેસાણા પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનો ને ૨ લાખની સહાય જાહેર કરી હતી. અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. કડીના જાસલપુરમાં આવેલી એક ખાનગી સ્ટીલ કંપનીમાં આ ઘટના બની હતી. ત્યાં કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જ માટીની ભેખડો ધસી હતી અને મજૂરો દટાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. અહેવાલ અનુસાર કુલ ૧૦ જેટલા મજૂરો તેમાં દટાયા હતા. જેમાંથી નવના મૃતદેહો કાઢી લેવામાં આવ્યા છે.

## અમરેલીમાં જોરદાર વરસાદી ઝાંપટુ, વડીયા-કુંકાવાવમાં દોઢ ઈંચ વરસાદ



અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ૧૦૦ ટકાની આસપાસ તો અમુક તાલુકાઓમાં ૧૦૦ ટકાની ઉપર વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચોમાસાનું નોંધપાત્ર વાવેતર થયું હતું તો છેલ્લા કેટલાક દિવસ દરમિયાન તાપમાનનો પારો સતત મહતમ રહેતા જનજીવનને સખ્ત ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. આ વચ્ચે આજે અમરેલી શહેરથી વરસાદને લઈ સારા સમાચાર સાંપડયા છે, જ્યાં બપોર બાદ વરસાદનું જોરદાર ઝાપટું વરસતા શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ૧૧ મિલીમીટર વરસાદ પડ્યો હોવાનું ફલડ વિભાગ તરફથી જણવા મળ્યું હતું. હવામાન વિભાગ તરફથી અમરેલી સહિત ૧૧ રાજ્યોમાં વરસાદ થવાની આગાહી જાહેર કરવામાં આવી હતી જેથી અમરેલી શહેરમાં જોરદાર વરસાદી ઝાંપટુ પડી જતા વાતાવરણ શીતલ બન્યુ હતુ. બગસરામાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

વડીયા-કુંકાવાવમાં સમી સાંજે વીજળીના કડાકા-ભડાકા સાથે દોઢ ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હતો. વરસાદથી વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. મગફળીના પાથરા પલળતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે. વિજયાદશમીએ વરસાદી ઝાંપટુ વરસતા ખેલૈયાઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. ભારે વરસાદને કારણે વડિયાનો સુરવો ડેમ ઓવરફલો થતા ડેમના ૩ દરવાજા એક-એક ફુટ ખોલવામાં આવ્યા હતા.

## ગાંધીનગરનાં રૂપાલ ગામે પલ્લીમાં ઘીની નદીઓ વહી

ગાંધીનગર,તા.૧૨



ગાંધીનગરના રૂપાલ ગામમાં આવેલા સુપ્રસિદ્ધ વરદાયિની માતાજીની પલ્લી ભરવાની પાંડવકાળથી ચાલી આવતી પરંપરા આજે પણ જીવંત છે. રૂપાલ ગામમાં નવમા નોરતાની રાત્રે માતાજીની પલ્લી ભરવામાં આવી હતી, જેમાં ભક્તો દ્વારા હજારો કિલો ઘીનો અભિષેક કરાતાં રૂપાલ ગામના રસ્તાઓ પર ઘીની નદીઓ વહેતી હોય એવાં દૃશ્યો સર્જાયાં હતાં. શ્રદ્ધાળુઓ બાળકો માટે વરદાયિની માતાજીની માનતા રાખતા હોય છે, જે પૂર્ણ કરવા માટે નવમા નોરતાની રાત્રે પલ્લી પર ઘીનો અભિષેક કરી માનતા પૂર્ણ કરતા હોય છે.

## જામનગરમાં કારખાનેદાર પ્રૌઢની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા

**હત્યાનું કારણ જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી**

જામનગર,તા.૧૨

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૨ માં રહેતા અને શેરી નંબર ૪૯માં મેટ્રો મેટલ્સ કોર્પોરેશનના નામનું કારખાનું ચલાવતા તેમજ અન્ય કેટલીક સેવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મનસુખલાલ ખીમસિયા ઉર્ફે મનુભાઈ મેટ્રો નામના ૬૫ વર્ષના મહાજન અગ્રણી પર ગઈકાલે રાત્રિના અરસામાં શંકર ટેકરી વિસ્તારમાં શ્રીરામ ચોકમાં છરી વડે હુમલો કરાયો હતો. એક શખ્સ દ્વારા તેના છાતી, ગરદન તેમજ શરીરના અન્ય ભાગોમાં છ જેટલા છરીના ઘા ઝીંકી દેતાં તેઓ બેશુદ્ધ થઈને ઢળી પડ્યા હતા, તેઓને સ્થાનિક વિસ્તારમાં રહેતા ભરતસિંહ જાડેજા નામના વ્યક્તિ તથા અન્ય લોકોએ મળીને ઈજાગ્રસ્ત મહાજન અગ્રણીને સૌપ્રથમ ઓશવાળ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. પરંતુ ત્યાં તેઓનું મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો.

## રાજયમાં બેરોજગારોની સંખ્યા હોવા છતાં સરકાર જગ્યાઓ કેમ ભરતી નથી? હાઈકોર્ટની ટકોર

અમદાવાદ,તા.૧૨



ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ મામલે થયેલી અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતુ હોય તો તેની રચનાનો શું મતલબ..? એકબાજુ રાજ્યમાં બેરોજગાર લોકો છે ને બીજી બાજુ સરકાર ખાલી જગ્યાઓ ભરતી નથી. અગાઉ કોર્ટને જણાવાયું હતું કે, રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩૮ માંથી પ્રેસિડેન્ટની ૨૦ રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ જગ્યાઓ અને ૭૬માંથી ૪૭ જ્યુડિશિયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. આ દરમિયાન ગ્રાહક બાબતોના વિભાગના સોગંદનામા મારફતે આજે અદાલતને જણાવાયું કે, આસિસ્ટન્ટ ડિરેકટરની જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની થાય છે. જયારે એક જગ્યા સીધી ભરતીથી ભરવાની છે. જો કે, છેલ્લા બે વર્ષમાં પ્રમોશન કે સીધી ભરતીથી જગ્યાઓ નહી ભરાતાં હાઈકોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. સીધી ભરતી જીપીએસસી કરતું હોઈ હાઈકોર્ટે તેને પણ પક્ષકાર બનાવી હતી.

## મોરબીના ત્રાજપર વિસ્તારમાંથી યુવાનનું અપહરણ થયા બાદ હત્યા

મોરબી,તા.૧૨



મોરબીમાં યુવાનનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી છે. બેલા ગામ નજીક યુવાનની હત્યા કરવામાં આવી છે. આઠ શખ્સોએ તેને લાકડી અને પથ્થર વડે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન યુવાનનું મોત નીપજ્યું હતું.

રવિ પરસોત્તમ માનેવાડિયા (૨૩)નું ત્રાજપર વિસ્તારમાંથી સાતથી આઠ શખ્સો અપહરણ કરીને લઈ ગયા હતા. રવિ નામના યુવાનને તમામ શખ્સોએ બેફામ માર માર્યો હતો. અપહરણ કરીને લઈ જવામાં આવેલા યુવાનને તેઓએ ગોંધી રાખ્યો હતો. મૃતકના કુટુંબીજનોએ જૂની અદાવતના લીધે હત્યા થઈ હોવાનું જણાવ્યું હતું.

## વિજયાદશમીના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું સુરક્ષાકર્મીઓ સાથે શસ્ત્રપૂજન

**મુખ્યમંત્રીએ રાજ્યના લોકોને દશેરાની શુભકામના પાઠવી**

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૨



ગાંધીનગર ખાતે સી.એમ સુરક્ષા પરિવારના સુરક્ષાકર્મીઓની સાથે શસ્ત્રપૂજન કર્યું. આંતરિક શત્રુઓ પર વિજય મેળવવા માટે જ્ઞાનરૂપી શસ્ત્ર છે, જ્યારે બાહ્ય નકારાત્મક શક્તિઓ સામે વિજય માટે પણ શસ્ત્રનો મહિમા છે. વિજયાદશમી શસ્ત્ર પૂજનનો બીજો મહાન તહેવાર છે. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયની આ ઉજવણી

વિજયાદશમીના દિવસે ભગવાન રામે રાવણનો વધ કરીને અસત્ય પર સત્યનો વિજય કર્યો હતો. વિજયાદશમી પર શસ્ત્રપૂજનનું બીજું મહત્વ છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમી-દશેરા પર્વ નિમિત્તે રાજ્યના તમામ લોકોને, ભાઈ-બહેનોને શુભેચ્છા પાઠવી હતી અને મુખ્યમંત્રીના નિવાસસ્થાને શસ્ત્રપૂજન કર્યું હતું. મુખ્યમંત્રીએ અભિનંદન આપતાં તેમણે કહ્યું કે જ્ઞાન એ આંતરિક શત્રુઓ પર વિજય મેળવવાનું શસ્ત્ર છે, જ્યારે બાહ્ય નકારાત્મક શક્તિઓ પર વિજય મેળવવા માટે શસ્ત્રોનો મહિમા છે. શસ્ત્ર પૂજાનો આ અવસર વિશ્વમાં માનવ કલ્યાણનો વિરોધ કરતી આસુરી શક્તિઓ પર દૈવી શક્તિના વિજયનો અવસર બને એવી પ્રાર્થના છે. વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે નૈતિકતા, ધર્મ અને સત્યના માર્ગે ચાલીને વિનાશકારી તત્વોને હરાવીને રાષ્ટ્ર-રાજ્યના ઉત્કર્ષના નિર્માણની ફરજ નિભાવવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વિજયાદશમી પર શસ્ત્રોની પૂજા કરવાની પરંપરા શરૂ કરી હતી. દર વર્ષે વિજયાદશમીના દિવસે મુખ્યમંત્રી નિવાસ સંકુલમાં મુખ્યમંત્રીના સુરક્ષા અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ દ્વારા શસ્ત્રપૂજન સમારોહનું આયોજન કરવામાં આવે છે. મુખ્યમંત્રીની સુરક્ષામાં રોકાયેલા પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર સહિત ૫૦ જેટલા સુરક્ષા કર્મચારીઓએ આ વર્ષે આયોજિત શસ્ત્રપૂજન સમારોહમાં ભાગ લીધો હતો. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વિજયાદશમી નિમિત્તે સુરત પોલીસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્રપૂજન કર્યું હતું. જેમાં સીપી અનુપમ ગેહલોત અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. અનુપમ ગેહલોતે હર્ષ સંઘવીને હથિયારોની માહિતી આપી હતી.

## અમદાવાદમાં શોપિંગ ફેસ્ટિવલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ થયો હતો. ૧૪ જાન્યુઆરી સુધી ૯૫ દિવસ ચાલનારા આ ફેસ્ટિવલમાં સિંધુભવન રોડ, સીજી રોડ, કાંકરિયા, નિકોલ, મોર્ડન સ્ટ્રીટ પર ખરીદી માટે આવનારા લોકોને ૧૫થી ૬૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ અપાશે. તેમાં ૧૫ હજાર વેપારીને જોડવાનો ટાર્ગેટ છે. ખરીદી કરવા આવનારા એએમટીએસ-બીઆરટીએસમાં ફ્રીમાં મુસાફરી કરી શકશે. રિવરફ્રન્ટ, માણેકચોક, લો-ગાર્ડન, સાયન્સ સિટી, વસ્ત્રાપુર અને પ્રહલાદનગર રોડ પર પણ વ્યવસ્થા છે. આ ફેસ્ટિવલ માટે પકવાન ચાર રસ્તાને રોશનીથી શણગારાયા છે.




## જામનગર રાજવીના વારસદાર તરીકે ક્રિકેટર અજયસિંહ જાડેજાના નામની કરાઈ જાહેરાત



જામનગર,તા.૧૨

જામનગરના રાજવી પરિવાર માટે આજે માજી રાજવી શત્રુશલ્યસિંહજી જાડેજા દ્વારા એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે, અને તેઓના વારસદાર તરીકે ભારતના ખ્યાતનામ પૂર્વ ક્રિકેટ ખેલાડી અને મૂળ જામનગરના વતની જામસાહેબના પરિવારના જ સભ્ય એવા અજયસિંહજી જાડેજાને વારસદાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. શત્રુશલ્યસિંહજી મહારાજે વિજયાદશમીની પૂર્વ સંધ્યાએ વારસદાર તરીકે અજયસિંહજી જાડેજાની જાહેરાત કરી છે.




